આજનો સુવિચાર
કેટલીક સફર એકલાએ જ નક્કી કરવી પડે છે, જીવનની દરેક સફરમાં કોઈ સાથીઓ નથી હોતા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૫૧ જૂનાગઢ તા.૧૨-૦૨-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 51, Junagadh : Date : 12 February, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# આજે બિહારમાં નિતિશની અગ્નિ પરીક્ષા : પટનામાં રાજકીય ઉથલ પાથલ

પટના તા. ૧૨

બિહારમાં ૧૪ દિવસ પુર્વે ફરી એક વખત એનડીએમાં જોડાઈને ભાજપની સાથે સરકાર બનાવનાર મુખ્યમંત્રી નીતીશકુમાર આજે વિધાનસભામાં બહુમતી સાબીત કરવા જઈ રહ્યા છે તે સમયે પટનામાં જોરદાર રાજકીય ગતિવિધિ જોવા મળી છે.

આજે સવારે ૧૧ વાગ્યે વિધાનસભાની કામગીરી શરૂ થાય તે પુર્વે આંકડાની દ્રષ્ટિએ નીતીશ સરકાર 'સલામત' રીતે વિશ્વાસ પ્રસ્તાવ મેળવી લેશે તેવા સંકેત છે પણ જે રીતે સતા ગુમાવનાર રાષ્ટ્રીય જનતાદળ અને તેના વડા તેમજ પુર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ આક્રમક છે તેથી જનતાદળ (યુ) અને ભાજપને પણ તેના ધારાસભ્યોને સલામત રાખવાની ફરજ પડી છે.

પટનામાં ગઈકાલ સાંજથી જ જબરા નાટયાત્મક દ્રશ્યો જોવા મળ્યા હતા. રાજદના તમામ ૭૯ માંથી ૭૮ ધારાસભ્યોને તેજસ્વી યાદવે તેમના બંગલામાં 'કેદ' કરી લીધા હતા અને આજે સવારે તેઓને સીધા વિધાનસભા ગૃહ ખાતે લઈ જવાયા હતા તો જનતાદળ (યુ)ના ૪૩ અને ભાજપના ૭૮માંથી મોટાભાગના ધારાસભ્યોને હોટેલમાં રખાયા હતા. કોંગ્રેસ પક્ષના ૧૯માંથી ૧૭ ધારાસભ્યોને તો એક અઠવાડીયાથી હૈદરાબાદ મોકલી દેવાયા હતા અને આજે સવારે તેઓને પરત લાવવામાં આવ્યા છે.

વિશ્વાસ પ્રસ્તાવ માટે જરૂરી ૧૨૨ ધારાસભ્યોને નીતીશકુમાર સાથે ૧૨૮ ધારાસભ્યો છે અને તેજસ્વી યાદવના જૂથમાં ૧૧૪ ધારાસભ્યો છે પણ જે રીતે તેજસ્વી યાદવે થોડા દિવસ પુર્વે જ તેઓ સફળ થશે તેવો દાવો કરતા જ જનતાદળ (યુ) ભાજપ કેમ્પ સાવધ બની ગયો હતો. સૌની નજર વિધાનસભા અધ્યક્ષ પર છે જે રાજદ કેમ્પના છે અને તેથી પહેલા તમામ સામે અવિશ્વાસ દરખાસ્ત આવી શકે છે.

## પાકિસ્તાનમાં ભુટ્ટોનાં પક્ષનાં બ્રાહ્મણ ઉમેદવાર ૧.૩૨ લાખ મતથી જીત્યા

કરાંચી,તા.૧૨:

પાકિસ્તાન પીપલ્સ પાર્ટી કે જે બિલાવલ ભુટ્ટોની પાર્ટી છે તેની ટિકિટ પરથી થરપારકર બેઠક માટે ચૂંટણી લડનાર હિન્દુ બ્રાહ્મણ ઉમેદવાર મહેશ કુમાર મલાની ૧.૩૨ લાખ મતથી જીતનારા પહેલા બિન-મુસ્લીમ વ્યકિત બન્યા છે. તેઓ ૨૦૧૮માં પણ પક્ષ તરફથી ચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા. આમ, મોટાભાગની બેઠકો પર ઈમરાન ખાનને સમર્થન આપનારા ઉમેદવારોના ધસારા વચ્ચે અમુક છુટીછવાઈ એવી પણ બેઠકો છે કે જયાંના ઉમેદવારોની લોકપ્રિયતાને કારણે તેઓ ચૂંટણીનું મેદાન સર કરી શક્યા છે.

## સમાચાર રાઉન્ડ અપ

- લોકસભાની ચૂંટણી પહેલા કેન્દ્રીય કર્મચારીઓનું મોંઘવારી ભથ્થુ ૪ ટકા વધશે
- કેનેડામાં કાર અકસ્માતમાં ત્રણ ભારતીય યુવાનોનાં મોત
- પાકિસ્તાનમાં ચૂંટણીપંચની વેબસાઈટ બંધ : પરીણામો ગાયબ : દેશભરમાં વિરોધ વંટોળ
- ગદ્દારોને ગોળી મારો કહેનાર કર્ણાટકનાં ભાજપનાં નેતા સામે ફરીયાદ દાખલ
- આજથી પાંચ દિવસ સુધી સરકારી ગોલ્ડ બોન્ડનું વેચાણ શરૂ : પાંચ દિવસ સુધી રોકાણ કરી શકાશે.
- નર્મદાનાં પાણી અને ચેકડેમ જેવા કારણોથી ગુજરાતમાં કૃષિ પાકોની પેટર્ન બદલાઈ : રોકડીયા પાકમાં વધારો
- ગુજરાતની ૪૫ કંપનીઓએ આઈપીઓ મારફત રૂા. ૧૧૬૧ કરોડ એકત્રીત કર્યા

## ભારતે વધુ એક કૂટનીતિક સિધ્ધિ પ્રાપ્ત કરી : કતારની જેલમાં રહેલા નૌકાદળનાં ૭ જવાનો મુકત થઈ સ્વદેશ પરત ફર્યા

નવી દિલ્હી તા. ૧૨ : ભારતની મોટી કૂટનીતિક જીત થઈ છે. કતારે ૮ ભારતીય પૂર્વ નેવી અધિકારીઓને છોડી મૂક્યા છે. તેઓ જાસૂસીના આરોપનો સામનો કરી રહ્યા હતા. અને તેમને મોતની સજા સંભળાવવામાં આવી હતી. ભારતની ભલામણ પર તેમની સજાને કતારના અમીરે અગાઉ ઘટાડી હતી અને ઉમરકેદમાં ફેરવી હતી. હવે વિદેશ મંત્રાલયના જણાવ્યાં મુજબ તેમને છોડી મૂકવામાં આવ્યા છે અને તેમાંથી ૭ પૂર્વ નેવી અધિકારીઓ ભારત પાછા પણ ફર્યા છે.

વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારત સરકાર કતારમાં ધરપકડ કરાયેલા દહરા ગ્લોબલ કંપની માટે કામ કરનારા આઠ ભારતીય નાગરિકોના છૂટકારાનું સ્વાગત કરે છે. આઠમાંથી સાત ભારતીયો ભારત પાછા ફર્યા છે. અમે આ નાગરિકોના છૂટકારા અને ઘર વાપસીને સક્ષમ કરવા માટે કતારના અમીરના નિર્ણયને બિરદાવીએ છીએ.

કતારમાં ધરપકડ કરાયેલા ૮ ભારતીયોમાં કેપ્ટન નવતેજ સિંહ ગિલ, કેપ્ટન બીરેન્દ્રકુમાર વર્મા, કેપ્ટન સૌરભ વશિષ્ઠ, કમાન્ડર અમિત નાગપાલ, કમાન્ડર પૂર્ણેન્દુ તિવારી, કમાન્ડર સુગુનાકર પકાલા,કમાન્ડર સંજીવ ગુપ્તા અને સલર રાગેશ સામેલ હતા. આ અગાઉ ભારત સરકાર તરફથી મોતની સજા વિરૂદ્ધ દાખલ કરાયેલી અપીલને કતારની કોર્ટે સ્વીકારી હતી.

ભારત પાછા ફરેલા પૂર્વ નેવી અધિકારીઓમાંથી એકે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તક્ષેપ વગર તેમનો છૂટકારો શક્ય નહતો. તેમણે દિલ્હી એરપોર્ટ પર લેન્ડ થયા બાદ ભારત માતા કી જયના નારા પણ લગાવ્યા. તમામ પૂર્વ અધિકારીઓએ પીએમ મોદી અને કતારના અમીરનો આભાર માન્યો. એક પૂર્વ અધિકારીએ કહ્યું કે ભારત સરકારની કોશિશો વગર તેમનો છૂટકારો શક્ય નહતો.

## સંયુકત કિસાન મોર્ચા દ્વારા ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન




નવી દિલ્હી તા. ૧૨

ખેડૂતો દિલ્હી તરફ કરી રહ્યા છે, દિલ્હીની બોર્ડર પર ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો છે, હરિયાણા સહિતના રાજયોમાં ખેડૂતોની લડતના કારણે પ્રતિબંધાત્મક આદેશ લાગુ કરાયા છે, બીજી તરફ યુનાઈટેડ કિસાન મોરચાએ, આગામી ૧૬ ફેબ્રુઆરીના ભારત બંધને લઈને કાર્યક્રમ જાહેર કર્યો છે. સંયુક્ત કિસાન મોરચાએ જણાવ્યું હતું કે ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સવારે ૬ થી સાંજના ૪ વાગ્યા સુધી કોર્પોરેટ લૂંટનો અંત લાવવા, ખેતી બચાવવા અને ભારતને બચાવવા માટે ગ્રામીણ વિસ્તારમાં બંધનું એલાન કર્યુ છે.

ખેડૂતો દિલ્હી તરફ કુચ કરી રહ્યા છે, દિલ્હીની બોર્ડર પર ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો છે, હરિયાણા સહિતના રાજયોમાં ખેડૂતોની લડતના કારણે પ્રતિબંધાત્મક આદેશ લાગુ કરાયા છે, બીજી તરફ ખેડૂતોના આંદોલનને જોતા હરિયાણા પોલીસે હરિયાણાના સિરસામાં બે અસ્થાયી જેલ બનાવી છે.

## આવતીકાલે વડાપ્રધાન યુએઈનાં પ્રવાસે : અબુધાબીમાં બીએપીએસ મંદિરનું ઉદઘાટન કરશે



નવી દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સંયુકત આરબ અમીરાતની બે દિવસીય પ્રવાસે જશે. આ દરમ્યાન તેઓ રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાનની સાથે વિવિધ વિષયો પર ચર્ચા કરશે અને અબુધાબીમાં પ્રથમ હિન્દુ મંદિરનુ ઉદઘાટન કરશે.વિદેશ મંત્રાલયે યાત્રાની જાહેરાત કરતાં કહ્યું કે ૨૦૧૫ બાદથી પીએમ મોદીની સંયુકત અરબ અમીરાતની સાતમી યાત્રા હશે. તેમાં કહેવામાં આવ્યું છે કે પીએમ મોદી અને યુએઈના પ્રમુખ અલ નાહયાન બન્ને દેશો વચ્ચે વ્યુહાત્મક ભાગીદારીને વધુ ગાઢ વિસ્તૃત અને મજબુત કરવાનાં માર્ગો પર ચર્ચા કરશે અને પરસ્પર હિતના પ્રાદેશીક અને આંતર રાષ્ટ્રીય મુદાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે પીએમ મોદી યુએઈના ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રી શેખ મોહમ્મદ બિન રાશીદ અલ મકતુમને પણ મળશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું તેમનાં નિમંત્રણ પર પ્રધાનમંત્રી મોદી દુબઈમાં આયોજીત થનાર વર્લ્ડ ગવર્નમેન્ટ સમીટ ૨૦૨૪ માં સન્માનીત અતિથિના રૂપમાં ભાગ લેશે અને શિખર સંમેલનમાં એક વિશેષ સંબોધન આપશે.મંત્રાલયે નિવેદનમાં કહ્યું કે પીએમ મોદી અબુધાબીમાં પ્રથમ હિન્દુ મંદિર બીએપીએસ મંદિરનું ઉદઘાટન કરશે સાથે તેઓ ઝાયદ સ્પોર્ટસ સીટીમાં એક કાર્યક્રમમાં સંયૂકત આરબ અમીરાતમાં ભારતીય સમુદાયનાં લોકોને પણ સંબોધીત કરશે.

બ્રેકીંગ ન્યુઝ

## બિહાર વિધાનસભાનાં સ્પીકરનું રાજીનામુ આરજેડીનાં ત્રણ ધારાસભ્યોએ પલ્ટી મારી

પટના તા. ૧૨ : બિહાર વિધાનસભા ગૃહમાં આજે રાજકીય કુરુક્ષેત્ર વ્યાપેલું છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ બિહાર વિધાનસભાનાં સ્પીકરે રાજીનામુ આપી દીધું છે અને તેમના સ્થાને નાયબ સ્પીકર ગૃહની કાર્યવાહી ચલાવી રહયા છે. જયારે અવિશ્વાસ પ્રસ્તાનની કાર્યવાહી પહેલા જ આરજેડીનાં ત્રણ ધારાસભ્યો નિલમ દેવી, ચેતન આનંદ અને પ્રહલાદ યાદવે પલ્ટી મારી છે અને સત્તાધારી નિતિશકુમારનાં સમર્થનમાં આવી ગયા છે. આમ અવિશ્વાસ પ્રસ્તાવ પહેલા જ બિહારમાં રાજકીય ખેલ ખેલાઈ ગયો છે.

## સુરેન્દ્રનગરનાં બુબવાણા નજીક ટ્રેકટર ટ્રોલી વિજ વાયરને સ્પર્શી જતાં ત્રણ મજુરોનાં મોત

સુરેન્દ્રનગર તા.૧૨

સુરેન્દ્રનગરના બુબવાણા પાસે મજૂરો ભરીને જતી ટ્રેક્ટરની ટ્રોલીને વીજ વાયર અડી જતાં અકસ્માત થયો હતો. જેમાં વીજ શોક લાગતાં મધ્યપ્રદેશના ત્રણ મજૂરોના ઘટનાસ્થળે મોત થયા હતા. જ્યારે ૬ મજૂરો દાઝી ગયા હતા. તમામ મૃતકો અને ઈજાગ્રસ્તો મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જિલ્લાના અલીરાજપુર તાલુકાના હોવાનું સામે આવ્યું છે. વીજ શોક એટલો ભયંકર હતો કે, ટ્રેક્ટરના આગળના ચારેય ટાયરો બળી ગયા હતા.

દસાડા પોલીસે તાકીદે ઘટનાસ્થળે પહોંચી ત્રણેય મજૂરોની લાશોને પોસ્ટ મોર્ટમ માટે પાટડી સરકારી હોસ્પિટલે મોકલી આપી હતી. જ્યારે ઈજાગ્રસ્ત મજૂરોને ગંભીર હાલતમાં સારવાર અર્થે વીરમગામ હોસ્પિટલમા ખાસેડવામાં આવ્યાં હતા. પોલીસે અકસ્માતે મોત અંગેનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. દસાડા પીએસઆઈ વી.આઈ.ખડિયા સહિતનો પોલીસ સ્ટાફ તાકીદે બુબવાણા ગામે દોડી ગયો હતો. આ ટ્રેક્ટરમાં બેસીને મજૂરો ખેતરમા કાલા વીણવા જતા હતા ત્યારે આ ગોઝારી ઘટના બની હતી.

## સુરતથી અયોધ્યા જઈ રહેલી આસ્થા સ્પેશ્યલ ટ્રેન પર નંદુરબાર નજીક પથ્થરમારો

સુરત તા. ૧૨

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી અયોધ્યા માટે આસ્થા સ્પેશિયલ ટ્રેન દોડવામાં આવી રહી છે. ગતરાત્રે સુરતથી અયોધ્યા જવા માટે નીકળેલી ટ્રેન પર મોડીરાત્રે ૧૦:૪૫ વાગ્યે કેટલાક અસમાજિક તત્વોએ પથ્થરમારો કરતાં પોલીસે તપાસ શરૂ કરી છે. પથ્થરમારાની ઘટના નંદુરબાર પાસે બની હતી. ગઈકાલે કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ દ્વારા સુરતથી અયોધ્યા જનારી આસ્થા ટ્રેનને ફલેગઓફ આવ્યું હતું. પરંતું આ ટ્રેનને આગળ જતા મોટી મુસીબતનો સામનો કરવો પડ્યો હતો. ટ્રેન જેવી અયોધ્યા તરફ જવા રવાના થઈ અને નંદુરબાર પહોંચી ત્યારે રાત્રે ટ્રેન પર પથ્થરમારો કરાયો હતો. આ ટ્રેનમાં સવાર મુસાફરો ગભરાઈ ગયા હતા. તેઓએ ડરના માર્યે ટ્રેનના દરવાજા બંધ કરી દીધા હતા. તેમ છતાં ડઝનેક પથ્થરો ટ્રેનની અંદર આવી ગયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી.

HOPE
DIABETES & PHYSIOTHERAPY CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર. કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૫૦૦નાં રીપોર્ટ માત્ર ૧૦૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
હવેથી નવું સરનામું નોંધી લેશો
૨૦૨, બીજો માળ, દાસારામ પ્રાઈમ-૨, સંકલ્પ હોટલની ઉપર, ફળદુ વાડીની બાજુમાં, ઝાંઝરડા - મધુરમ બાયપાસ રોડ, જૂનાગઢ

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક

૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
સી.સી. પડદાવાળા
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

આંતરરાષ્ટ્રીય વેપાર મેળો
તા. ૧૧,૧૨ અને ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૪
સ્થાનિક વેપાર વૃધ્ધિ સાથે એક તક નિકાસ વેપાર ની પણ ખરી
SVUM 2024
INTERNATIONAL TRADE SHOW
તમામ ક્ષેત્રના લોકો માટે અવશ્ય મુલાકાત લેવા યોગ્ય ટ્રેડ શો આવી રહ્યા છે ૧૦૦ થી વધુ વિદેશી ગ્રાહકો
સ્થળ:- NSICગ્રાઉન્ડ, આજી વસાહત, 80 ફૂટ રોડ, રાજકોટ
સમય :- સવારે 10 થી સાંજે 6
Supported By

P.K. VADSARIYA
(Pyarubhai)
09426558708
09824256369
07698632214
Hotel Green Park
RESORT - SASAN GIR
A Meal to Cherish A Place to Enjoy
JUNAGADH-SASAN ROAD, VILLAGE, BHALCHHEL (SASAN-GIR)
DIST. JUNAGADH. (GUJARAT)-362 135
e-mail : hotelgreenpark1@gmail.com
Website : www.hotelgreenparksasangir.com
AMENITIES
■ AC Deluxe Rooms
■ AC Super Deluxe Rooms
■ Pure Veg. AC Restaurant
■ Swimming Pool
■ Conference Hall
■ Children Play Area
■ Party Plot
■ Destination Wedding Arrangement

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ENGINE CARBON CLEANING
98256 48301
VARDHMAN MOTORS
More Power
More Milage
Double Engine Life
એન્જીન કાર્બન કલીનીંગ નાં ફાયદા
○ એન્જીનની લાઈફ વધે-ગાડીનું પીક-અપ વધે.
○ એન્જીન ઓઈલની લાઈફ વધે.
ગાડીની માઈલેજ વધે-પાવર અને પરફોર્મન્સ વધે.
○ એન્જીનનો અવાજ અને વાઈબ્રેશન ઘટે.
○ ગાડીમાંથી નીકળતા હાઈડ્રોકાર્બન, કાર્બન મોનોકસાઈડ અને નોકસનું પ્રમાણ ઘટે.
○ ગાડીની વોરંટીને કોઈ અસર થતી નથી.
○ ગાડીની મેઈન્ટેનન્સ કોસ્ટ ઘટે.
○ ઈકોફ્રેન્ડલી કેમીકલ ફ્રી સર્વિસ.
પંચેશ્વર રોડ, આયુર્વેદિક હોસ્પીટલ સામે, જૂનાગઢ.
VARDHMAN MOTORS
સૌ-પ્રથમ આવીગયુ છે. જર્મન ટેકનોલોજીનું કાર્બન કલીનીંગ મશીન....
☞ ટુ વ્હીલર ગાડી માટે
☞ ૧૦૦ સીસી થી લઈને ૧૦,૦૦૦ સીસી, સુધીની ગાડી માટે.
☞ શું તમારી ગાડી પણ દબાય છે???
☞ શું તમારી ગાડી પુરતી એવરેજ નથી આપતી ???
☞ માત્ર ૧૫ થી ૩૫ મીનીટમાં કરાવો તમારા વ્હીકલને કલીન.
તો આજેજ કરાવો તમારા કારની કાર્બન કલીનીંગ
...વધુ માહિતી માટે સંપર્ક કરો...
98256 48301

# ભાટિયામાં નિવૃત્ત આર્મીમેનના રહેણાંક મકાનમાં ખાતર પાડતા તસ્કરો પરવાનાવાળા હથિયાર તેમજ રોકડ સહિતનો મુદ્દામાલ ચોરાયો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે રહેતા અને મૂળ કેશોદ તાલુકાના વતની એવા એક નિવૃત્ત આર્મીમેનના રહેણાંક મકાનમાં ગત તારીખ ૯ મી ના રોજ તસ્કરોએ ખાતર પાડી, આ મકાનમાં રાખવામાં આવેલી બાર બોરની બંદૂક તેમજ રોકડ સહિત આશરે રૂપિયા અડધા લાખનો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયા હોવાનું ખુલવા પામ્યું છે.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ઘેડ બામણાસા ગામના મૂળ રહીશ અને હાલ કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામે આવેલી શિવમ સોસાયટી નંબર ૨ ખાતે રહેતા નરેન્દ્રભાઈ રામદેભાઈ કરંગીયા નામના ૫૨ વર્ષના આહિર આધેડ થોડા સમય પૂર્વે ભારતીય સેનામાં ફરજ બજાવી અને નિવૃત્ત થયા હતા. ત્યાર બાદ છેલ્લા કેટલાક સમયથી તેઓ ભાટિયામાં આવેલી એક ખાનગી કંપનીમાં સિક્યુરિટી મેન તરીકે ફરજ બજાવી રહ્યા છે.

થોડા દિવસ પૂર્વે નરેન્દ્રભાઈ કરંગીયાના પત્ની તેમના પિયર ગયા હતા અને ગત તારીખ ૯ ના રોજ નરેન્દ્રભાઈ કરંગીયા રાત્રિના સમયે તેમની સિક્યુરિટી તરીકેની ફરજ (નોકરી) પર જઈને શનિવારે સવારે આઠ વાગ્યે પરત ફર્યા હતા. નોકરી પરથી પરત ફરીને જોતા તેમના રહેણાંક મકાનના મેઈન દરવાજાનો નકુચો તૂટેલો હતો અને અંદરનો માલ સામાન વેર વિખેર જોવા મળ્યો હતો.

અહીં જોતા કોઈ તસ્કરોએ અંદર અપ પ્રવેશ કરી અને રૂમમાં આવેલા મંદિર નીચેના કબાટના ખાનામાં રહેલી થેલીમાં રાખવામાં આવેલા રૂપિયા ૨૭,૫૦૦ તેમને જોવા મળ્યા ન હતા. વધુ તપાસમાં ઘરમાં રાખવામાં આવેલી રૂપિયા વીસ હજારની કિંમતની બાર બોર પરવાનાવારી બંદૂક પણ ઘરમાંથી ચોરાઈ હોવાનું ખુલવા પામ્યું હતું. આમ, કોઈ તસ્કરો પરવાના વાળા હથિયાર તેમજ રોકડ સહિત કુલ રૂપિયા ૪૭,૫૦૦ નો મુદ્દામાલ ચોરી કરીને લઈ ગયા હોવાનું જાહેર થયું છે. આ બનાવ બનતા અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ ઉપરાંત એલ.સી.બી. પી.એસ.આઈ. ભાર્ગવ દેવમુરારી, એસ.ઓ.જી. સ્ટાફ તેમજ કલ્યાણપુર પોલીસ કાફલો આ સ્થળે દોડી ગયો હતો અને ડોગ સ્કવોડની સેવાઓ મેળવી, સીસીટીવી કેમેરા ચેક કરી, તસ્કરોને ઝડપી લેવા માટે વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ પ્રકરણમાં પોલીસે નિવૃત્ત આર્મીમેન નરેન્દ્રભાઈ કરંગીયાની ફરિયાદ પરથી અજાણ્યા તસ્કરો સામે આઈ.પી.સી. કલમ ૪૫૭, ૪૫૪ તથા ૩૮૦ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ ડી.વાઈ.એસ.પી. પ્રજાપતિના વડપણ હેઠળ પી.એસ.આઈ. કે.પી. ઝાલા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# વંથલીનાં જ્વેલર્સ સહિત ૩ ધંધાર્થીઓ સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

વંથલીમાં એસઓજીના સ્ટાફે ઓચિંતા ચેકીંગ હાથ ધરતા જૂનાગઢ રોડ પર આવેલ બજરંગ પાઉભાજીના પ્રફુલભાઈ ધીરજલાલ ફળદુ અને કેફે કલ્ચર ખાણીપીણી રેસ્ટોરન્ટના સંચાલક વિપુલ પીઠાભાઈ બામણીયાએ રેસ્ટોરેન્ટમાં કામ માટે પરપ્રાંતીય મજૂરો રાખ્યા હતા. પરંતુ તેનુ રજીસ્ટ્રેશન પોલીસમાં નોંધાવવાનુ હોય જે રજીસ્ટર નિભાવ્યું ન હોવાનું જણાતા જાહેરનામા ભંગનો ગુનો પોલીસ દ્વારા નોંધવામાં આવ્યો હતો. ઉપરાંત માંગરોળમાં ગાંધી ચોક પાસે ગોલ્ડ જ્વેલર્સની દુકાનના માલિક આદમભાઈ ફુલાળાએ સીસીટીવી કેમેરા રાખ્યા ન હોવાનું માલુમ પડતાં ૧૮૮ મુજબ ગુનો નોંધી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# વિસાવદર-ભેંસાણ ખાતે કોંગ્રેસ દ્વારા ચુંટણીને લઈને બેઠક મળી



(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૧૨

વિસાવદર અને ભેસાણ ખાતે પ્રદેશ કોંગ્રેસ ના પૂર્વ મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા વાઘેલા અને પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ હીરાભાઈ જોટવા અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈની ઉપસ્થતિમા કોંગ્રેસ કાર્યકરો આગેવાનો ની આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી બાબતે અગત્યની મીટીંગ મળી જેમા બહોળી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

# દ્વારકા ૧૦૮ની ટીમે જોખમી પ્રસુતિ કરાવી સરાહનીય કાર્ય કર્યુ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૨

દ્વારકાનાં વરવાળા ગામે રહેતા ૨૩ વર્ષના સગર્ભા મહિલાને દ્વારકા સરકારી દવાખાનામાં ડિલિવરી માટે દાખલ કરેલ હતા. આ મહિલાનું બી.પી. ખુબજ વધારે આવતું હોવાથી આ મહિલા ની પ્રસુતિ દ્વારકા સરકારી દવાખાના માં કરાવવી ખુબજ જોખમી હતી એટલા માટે તે મહિલાને પોરબંદર રિફર કરવામાં આવ્યા હતા.

દ્વારકા સરકારી દવાખાના માંથી ૧૦૮દ્વારકાની ટીમ તે મહિલાને લઈને તરત જ પોરબંદર રવાના થઈ અને રસ્તા માં જ પ્રસુતિ નો દુઃખાવો વધતા એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરાવવાની ફરજ પડી હતી.

૧૦૮ ના ઈ.એમ.ટી જાદવ નિકુંજ અને પાઈલોટ થોભણભા સુમણીયા અને સાથે આવેલા આશાવર્કર ગીતાબેનએ ઈ.આર.સી.પી ડો. અંજલીની સલાહથી આવી જોખમી ડિલિવરી એમ્બ્યુલન્સ માંજ કરાવી માતા અને બાળક નો જીવ બચાવ્યો હતો. તે પ્રસુતા મહિલા ને પાછા દ્વારકા સરકારી દવાખાના માં જ દાખલ કરાયા છે.

# ગીર સોમનાથ જિલ્લામાં ચાઈલ્ડ વેલફેર કમિટીની જાહેરાત કરાઈ

(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૨

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના દરેક જિલ્લામાં ચાઈલ્ડ વેલફેર કમિટીની જાહેરાત કરવા માં આવી તેમાં ગીર સોમનાથ જિલ્લા માં પણ જાહેરાત કરવામાં આવી છે તેના ચેરમેન તરીકે પંડ્યા જયેશકુમાર એ,વાળા હરિભાઈ ઘેલાભાઈ, અખિયાં અમૃતાબેન ચીમનભાઈ, દુધાત હિતેશ મનસુખલાલ,ચાવડા રસિક કાળાભાઈ ની નિમણુંક કરવામાં આવી છે આ બાળ કલ્યાણ સમિતિ એ એક સ્વાયત્ત સંસ્થા છે જે જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, ૨૦૧૫ હેઠળ તરછોડાયેલા, અનાથ, સ્વેચ્છાએ માતા-પિતા દ્વારા આપવામાં આવેલા અથવા ખોવાઈ ગયેલા અને મુદ્દાઓ પર કાળજીની જરૂર હોય તેવા બાળકો સંબંધિત ફરિયાદોને સંભાળવા અને ઉકેલવા માટે રચવામાં આવી છે. વૃદ્ધિ, સંરક્ષણ, સારવાર, વિકાસ અને પુનર્વસન સંબંધિત, અને તેમની મૂળભૂત જરૂરિયાતો અને રક્ષણ માટેની જરૂરિયાતોની જોગવાઈનો સમાવેશ કરે છે. આવા બાળકોની સંભાળ બાળ કલ્યાણ સમિતિ દ્વારા લેવામાં આવે છે, અને જુવેનાઈલ જસ્ટિસ એક્ટ ભલામણ કરે છે કે દરેક જિલ્લામાં ઓછામાં ઓછી એક આવી સમિતિ હોય છે.

# સોમનાથ એકેડેમીના વિદ્યાર્થીઓનું ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન




(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૧૨

ગુજરાત સરકારશ્રીના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગરના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર ઉપક્રમે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં ચાલુ વર્ષે ખેલ-મહાકુંભ ૨.૦નું આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત ગીર-સોમનાથ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા જિલ્લા કક્ષા વોલીબોલ રમતનું આયોજન સરખડી, કોડીનાર ખાતે કરવામાં આવેલ હતું.જેમા કોડીનાર તાલુકાની સોમનાથ એકેડેમિ સ્કૂલના અન્ડર-૧૭ ભાઈઓની ટીમએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ હાંસિલ કરેલ છે. જે બદલ સોમનાથ એકેડેમિના પ્રમુખ કરશનભાઈ સોલંકી, જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલિયા, સોમનાથ એકેડેમિના કેમ્પસ ડાયરેક્ટર કૃણાલભાઈ સોલંકી તથા ડી.એલ.એસ.એસ મેનેજર રણજીતભાઈ દાહિમાએ અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગર ખાતે કોલેજના વિદ્યાર્થીઓ-પ્રાધ્યાપકોને પ્રાકૃતિક ખેતી વિશે સમજ અપાઈ



(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૧૨

વન અને પર્યાવરણ વિભાગ -ગાંધીનગર દ્વારા આણંદ જિલ્લા-તાલુકાના વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ જુદી જુદી ફેકલ્ટીના ૯૨ તથા ૧૧ પ્રાધ્યાપકો એમ કુલ મળી જંગલ ખાતાના અધિકારી સહિત ૧૦૫ વ્યક્તિઓએ પ્રાતેનમા પ્રાકૃતિક ફાર્મ શિંહોલી મોટી,તા.જી.ગાંધીનગર ખાતે રૂબરૂ મુલાકાત લઈ પ્રાકૃતિક ખેતીના તમામ આયામો,દેશી ગાય અને દેશી બીજ વિશેની વિગતે સમજણ મોડી રાત્રી સુધી રોકાણ કરી આપવામાં આવી હતી.

# આલ્ફા પ્રાયમરી સ્કુલનું એન્યુઅલ ફંકશન યોજાયું



જૂનાગઢ તા.૧૨

આલ્ફા પ્રાયમરી સ્કૂલના સંચાલક જી.પી.કાઠીની યાદી જણાવે છે કે તા.૯/૨/૨૪ના રોજ આલ્ફા પ્રાયમરી સ્કુલનું એન્યુઅલ ફંકશન યોજવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં પ્રિ-પ્રાયમરી અને ધો.૧થી ૭ના ૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કુલ ૨૮ કૃતિઓ તૈયાર કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઓફિસના સ્ટાફ નેહાબેન વસાવડા, યામિનીબેન સઈજા ગોરડબેન હેતલબેન ગોસ્વામી તથા આલ્ફા પ્રાયમરી સ્કુલના તમામ ટિચર્સે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમમાં જૂનાગઢ મહાનગર ભાજપના પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટોળીયા, એડવોકેટ પી.ડી.ગઢવી, હરિષભાઈ દેસાઈ, ભરતભાઈ રાવલ, કાળુભાઈ સુખવાણી, ઈકબાલભાઈ મારફતીયા, તેમજ જુદી જુદી ખાનગી શાળાના સંચાલકો કે.ડી.પંડયા, માતંગભાઈ પુરોહીત, અમુભાઈ પાનસુરીયા, પૂર્ણિમાબેન વારા તથા બાર એસો.જૂનાગઢના પૂર્વ પ્રમુખ ભાવેશભાઈ જીંજુવાડીયા, બી.કે.સગારકા, વૈદેભાઈ માલમ તથા પૂર્વ ડેપ્યુટી મેયર ગીતાબેન માલમ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.દિયા શર્માએ કરેલ હતું અને આભારવિધી શાળાના સહ સંચાલક ચેતનભાઈ કાઠીએ કરેલ હતી.

# મંગળવારે અંગારકી ચોથ

અંગારકી ચોથ ના દિવસે આખો દિવસ ઉપવાસ રહેવો . ઉપવાસમાં આખો દિવસ ફળ, દુધ, દહીં, છાશ લઈ શકાય, તે સિવાયની વસ્તુઓ લેવી નહીં . દિવસ આથમ્યા પછી ગણપતીદાદાનું પૂજન કરવું. પૂજનમાં દાદાને દુર્વા, લાલ ગુલાબની પાંખડી ચડાવવી વધારે ઉત્તમ ગણાય . પૂજન પૂર્ણ થયા બાદ ગણપતીદાદાને ભાખરીના ગોળવાળા ૨૧ લાડુ અર્પણ કરવા . ૧૧ અથવા ૭ લાડુ પણ ધરી શકાય નાના લાડુ પણ બનાવી અને ધરી શકાઈ છે ત્યારબાદ આરતી કરી ચંદ્ર દર્શન કરી પછી ધરાવેલા લાડુ અને દહીં, છાશનો પ્રસાદ લઈ શકાય.

અંગારા કી ચોથ નું ફળ:- લોકોને જીવનમાં વારંવાર મુસીબતો આવતી હોય અને જેવોને પોતાના રહેવા માટેનું મકાનનો હોઈ વ્યાપાર - ધંધામાં નોકરીમાં મુસીબત હોય તથા જેની કુંડળીમાં મંગળ ભારે હોય, મંગળ દોષ હોય, મંગળ નબળો હોય તેવા લોકોએ ખાસ કરીને આ અંગરકી ચોથનું વ્રત કરવું ઉત્તમ ફળ દાયક રહેશ આ અંગારકી ચોથના દિવસે સંકટનાશન ગણપતિ સ્તોત્રના પાઠ કરવા અથવા તો ગણપતિ અથર્વશીર્ષના પાઠ કરવા થી જીવનની મુસીબતો દૂર થશે ગણપતિદાદા તેમના વિઘ્નો દૂર કરશે. ગણપતિ દાદાને વિઘ્નહર્તા કહેવામાં આવેલ છે ગણપતિ દાદા એ ચંદ્ર ને વરદાન આપેલું ભાદરવા સુદ ચોથના દિવસે જે લોકો તારા દર્શન કરશે તેઓના ઉપર મુસીબત આવશે તથા તે સિવાયની આવતી ચોથના દિવસે દર્શન કરશે અને મારૂં વ્રત કરશે મારૂં પૂજન કરશે તો તેઓની મુસીબત વિઘ્નો દૂર કરીશ તથા મંગળવારે આવતી ચોથને સંકટ ચતુર્થી કહેવાશે. એક બીજી કથા પ્રમાણે મંગળ ગ્રહ દેવે મંગળવારના દિવસે ગણપતિ દાદાનું વ્રત કરેલું અને ગણપતિ દાદાએ વરદાન આપેલું કે મંગળવારના દિવસે વદ ચોથ તિથી આવશે તો તેને સંકષ્ટ ચતુર્થી કહેવાશે અને આ દિવસે જે કોઈ લોકો મારી પૂજા કરી અને વ્રત કરશે તેમના બધા જ સંકટ દૂર કરીશ આમ સંકટ ચતુર્થીના દિવસે ગણપતિ દાદાનું પૂજન તથા દાદાને લાડુનો થાળ ધરાવવો તથા ઉપવાસ કરવો જીવનની બધી જ મુસીબતો દૂર થશે. ચંદ્ર દર્શનનો સમય રાત્રે ચંદ્ર ઉદય રાત્રે,૮.૨૮ કલાકે છે .

(જ્યોતિષી રાજદીપ જોશી)

# બુધવારે ગજ કેસરીયોગમાં વસંત પંચમી પર્વ ઉજવાશે

મહા સુદ પાંચમ ને બુધવારે તા.૧૪-૨-૨૪ ના દિવસે વસંત પંચમી છે. આ વર્ષે વસંત પંચમીના દિવસે શુભ નામ નો યોગ રાત્રે ૮ સુધી ઉત્તમ છે તે ઉપરાંત સવાર ના ૧૦.૪૩ થી ચંદ્ર પણ મેષ રાશિનો થતા ગોચર ના ગુરુ ચંદ્રની યુતી થશે અને ગજ કેસરી યોગ થશે ગજ કેસરીયોગ ને દરેક શુભ કાર્ય માટે શુભ અને ઉત્તમ માનવામાં આવે છે તે ઉપરાંત આ દિવસે નવા ઘર તથા દુકાન માટે કળશ સ્થાપન નું પણ મુહુર્ત છે સવાર ના ૧૦.૪૩ પછી કળશ સ્થાપના કરવી આ દિવસે સોના ચાંદી ની ખરીદી નવા વાહનની ખરીદી કરવી શુભ રહેશે દરેક શુભ કાર્ય માટે આ દિવસ શુભ છે

આ દિવસને વસંત પંચમી, શ્રી પંચમી ...મદન પંચમી તરીકે ઓળખાય છે. રિવાજ પ્રમાણે વસંત પંચમી ના દિવસ ને પણ વણજોયું મુહુર્ત કહેવામાં આવે છે રાજકોટ મા આશરે ૫૦૦ જેટલા લગ્ન વસંત પંચમીના દિવસે થશે. વસંત પંચમીના દિવસે કોઈપણ નવા શુભ કાર્યની શરૂઆત કરવી શુભ છે. ખાસ કરીને વસંત પંચમીના દિવસે સરસ્વતી માતાજીની પુજાનું મહત્વ વધારે છે. વસંત પંચમીના દિવસે ખાસ કરીને વિદ્યાર્થીઓએ સરસ્વતી માતાજીની પુજા કરવી જોઈએ. મા સરસ્વતીનું પુજન કરવાથી વિદ્યા બળ વધે છે. યાદ શકિત વધે છે. અભ્યાસમાં એકાગ્રતા આવે છે. બુધવારે વસંત પંચમીના દિવસે સવારે નિત્યકર્મ કરી અને ત્યાર પછી એક બાજોઠ અથવા પાટલા ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના ઉપર ચોખાની ઢગલી કરી મા સરસ્વતીની છબી રાખવી. માતાજીને ચાંદલો ચોખા કરવા, દિવો અગરબતી કરવી. ત્યારબાદ આ મંત્રની માળા કરી. ઓમ ઐં હ્રીં કલીં મહાસરસ્વતી દેવ્યૈ નમઃ આ મંત્રની એક, ત્રણ કે પાંચ જેટલી માળા કરવી. ત્યારબાદ માતાજીને મીઠાઈ ધરાવી, આરતી કરવી અને ક્ષમાયાચના માંગવી. આમ પુજન કરવાથી વિદ્યાબળ મળે છે અને અભ્યાસમાં એકાગ્રતા આવે છે. વસંત પંચમીના દિવસે વિષ્ણુ ભગવાન શ્રીકૃષ્ણ ભગવાનનું રાધાજી સહિત પુજન કરવું. મનોકામના સિદ્ધ કરનારૂ છે. જે લોકોના લગ્ન ન થતા હોય તો આ દિવસે રાધા કૃષ્ણનુ પુજન કરી શ્રી કૃષ્ણ શરણં મમ ની એક માળા કરવી. લગ્ન યોગ થશે. આ વર્ષે મે અને જૂન મહિના મા ગુરુ ગ્રહ અને શુક્ર ગ્રહ નો અસ્ત હોતા લગ્નના મુહુર્ત નથી આથી ફેબ્રુઆરી તથા માર્ચ મહિના માં ઘણા લગ્ન થશે

**લગ્નના મુહુર્તના કમુહુર્તાની યાદી**

હોળાષ્ટક: ૧૭-૩-૨૪ થી ૨૪.૩.૨૪ મીનારક કમુહુર્તા: ૧૪-૩-૨૪ થી ૧૩-૪-૨૪ આ સમય દરમ્યાન લગ્નના મુહુર્ત હોતા નથી.

## અવસાન નોંધ

બતુલબેન ફિદાહુસૈન ભારમલ (જૂનાગઢ વાળા) ઉ. વ.૬૭ તે સૈફુદીનભાઈ અબ્બાસભાઈ ધારીવાળા ના પત્ની, મરહૂમ ઓનઅલી, જક્યુદીન ધારીવાળા તથા તસનીમબેન રાજકોટ વાળા ના માતાજી અને મરહૂમ મોહમ્મદભાઈ ફીદાહુસૈન ભારમલ જૂનાગઢ વાળા ના બહેન નું તા.૧૧/૨/૨૦૨૪ રવિવાર ના રોજ ધારી મુકામે અવસાન થયેલ છે.મરહૂમ ની જીયારત તથા ચેહલુમ ના સિપારા તા.૧૩/૨/૨૪ ના મંગલવારે સવારે ૧૧/૩૦ કલાકે દાઉદી વ્હોરા મસ્જિદ ધારી મુકામે રાખેલ છે.

## વિશ્વકપની ફાઈનલમાં ભારતનો કારમો પરાજય

# ઓસ્ટ્રેલિયા સામે ભારતની હાર થતા ફેન્સના દિલ તૂટ્યા

બિનોની, તા.૧૨

૧૯ નવેમ્બર ૨૦૨૩ના ઓસ્ટ્રેલિયાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં વિશ્વકપની ફાઈનલમાં ભારતને કારમો પરાજય આપી અનેક ફેન્સના દિલ તોડી નાખ્યા હતા. હવે તેના ત્રણ મહિના બાદ ફરી વિશ્વકપ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતને હારનો સામનો કરવો પડ્યો છે. હવે અન્ડર-૧૯ વિશ્વકપની ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ કમાલનું પ્રદર્શન કરતા ભારતીય ટીમનું ટાઈટલ જીતવાનું સપનું તોડી નાખ્યું છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૫૩ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ ૧૭૪ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી અને તેણે ૭૯ રને હારનો સામનો કરવો પડ્યો છે. ઓસ્ટ્રેલિયા ચોથીવાર અન્ડર-૧૯ વિશ્વકપમાં વિજેતા બન્યું છે.

ઓસ્ટ્રેલિયાએ આપેલા લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ટીમ ઈન્ડિયાની શરૂઆત ખરાબ રહી હતી. અર્શિન કુલકર્ણી ૩ રન બનાવી કેલમ વિડલરનો શિકાર બન્યો હતો. ભારતે ધીમી શરૂઆત કરી અને પ્રથમ પાવરપ્લેમાં માત્ર ૨૮ રન બનાવ્યા હતા. ભારતને ૪૦ રનના સ્કોર પર મુશીર ખાનના રૂપમાં મોટો ઝટકો લાગ્યો હતો. મુશીર ૩૩ બોલમાં ૩ ચોગ્ગા સાથે ૨૨ રન બનાવી આઉટ થયો હતો. સેમીફાઈનલમાં ભારતને શાનદાર જીત અપાવનાર ઉદય સહારન અને સચિન ધસ પણ ફાઈનલમાં સારૂ પ્રદર્શન કરી શક્યા નહીં.

# માંગરોળ ડોક્ટર્સ એસોસિએશન દ્વારા રક્તદાન કેમ્પ અને સિનિયર ડોકટરોનું સન્માન કરાયું



(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા.૧૨

માંગરોળ ડોક્ટર્સ એસોસિએશન દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે શહેરના સિનિયર ડોક્ટરોનુ સન્માન પણ કરવામાં આવ્યું હતું. માંગરોળ ખાતે યોજાયેલા રક્તદાન કેમ્પમાં શહેરના હિન્દુ મુસ્લિમ બંને સમાજના લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રકતનું દાન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫૫ બોટલ રક્ત એકત્ર કરાયું હતું. માંગરોળ ડોક્ટર્સ એસોસિએશન દ્વારા આ તકે સિનિયર ડોક્ટરોનુ સન્માન પણ કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામને સફળ બનાવવા માંગરોળ ડોક્ટર્સ એસોસિએશન અને એકતા ફાઉન્ડેશનની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

# બાળ કલાકાર જન્મદિનની શુભેચ્છા



જૂનાગઢ તા.૧૨ : ગાંધીગ્રામ ગરબી મંડળના લાડકવાયા બાળકલાકાર એવા આયુષભાઈ ભરવાડના જન્મદિવસ નીમીતે ખુબ ખુબ શુભકામનાઓ તેમજ મા મોમાઈ કાળીયા ઠાકર તેમજ મા મોગલ હરહંમેશ તેમની સાથે રહે એવી પાર્થના ગાંધીગ્રામ ગરબી મંડળના વીરાભાઈ મોરી સહિત તમામ કાર્યકર્તાઓએ શુભેચ્છાઓ પાઠવી છે.

# જૂનાગઢ વિધાનસભા ક્ષેત્રનો આવાસોનો ઈ લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કાર્યક્રમ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાના અધ્યક્ષસ્થાને યોજાયો

## ધારાસભ્ય અને અન્ય મહાનુભાવોના હસ્તે આવાસ યોજનાના લાભાર્થીઓને કળશ અને ચાવી વિતરણ કરવામાં આવી





જૂનાગઢ, તા.૧૨

ગુજરાત રાજયની સાથે જૂનાગઢ વિધાનસભા બેઠકના ૧૯૬ આવાસોનું ઈ–ખાતમુહૂર્ત અને લોકાર્પણનો ગૃહપ્રવેશ આજ રોજ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્ય શ્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે આવાસ યોજનાના લાભાર્થીઓને કળશ અને ચાવી વિતરણ કરવામાં આવી હતી.

જૂનાગઢ મહાનગરપાલિકા અને જૂનાગઢ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા આયોજિત ખલીલપુર, કૈલાસ ફાર્મ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં અધ્યક્ષીય સંબોધન કરતા ધારાસભ્ય શ્રી સંજયભાઈ કોરડીયાએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બન્યા ત્યારથી દેશનો એક પણ નાગરિક ઘર, વીજળી, શૌચાલય, રોજગારી, જેવી કોઈ પણ પ્રાથમિક સુવિધાથી વંચિત ન રહે એ માટે અભિયાન ચલાવ્યું છે. દેશની તમામ ધર્મ,જાતી, વયના લોકોને લાભ મળે તેવું સુદઢ આયોજન કરાયું છે.

તેમણે ઉમેર્યુ હતું કે, વર્ષ ૨૦૧૬થી આવાસ યોજના ગુજરાત રાજ્યમાં કાર્યરત છે. ત્યારથી અત્યાર સુધી ૬ લાખથી વધુ પરિવારોને ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. લોકોની હરહંમેશ સુખાકારી માટે સરકારે ચિંતા કરી છે.

તેમણે ઉમેર્યુ હતું કે, ગુજરાતના ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોમાં આજે એકી સાથે આવાસ અર્પણનો આ ઐતિહાસિક કાર્યક્રમ થવો એ ગૌરવની વાત છે. આવાસ યોજનાના આ કાર્યક્રમમાં ઉપસ્થિત બહોળી જનસંખ્યાને સંબોધન કરતા તેમણે જણાવ્યું કે, દેશને આઝાદીના ૭૫ વર્ષ પછી એક સક્ષમ નેતૃત્વ મળ્યું છે. જેને સમગ્ર વિશ્વએ પણ સ્વીકાર્યું છે. સાથો સાથ અન્ય દેશોએ ભારત સાથે કામ કરવાની તૈયારી દર્શાવે છે. તેનો શ્રેય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે. પાડોશી દેશોમાં મંદી, આંતરિક વિદ્રોહ, યુદ્ધની સ્થિતિ છે. ત્યારે આજે ભારત દેશ વિકાસની નીતિથી અને ભાઈચારાની ભાવનાથી વિશ્વમાં અગ્રેસર બન્યું છે. તે એક મોટી સિદ્ધિની છે.

તેમણે ઉમેર્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ નો લાભ દરેક માનવીને મળે કોઈપણ, લાભ થી વંચિત ન રહી જાય એ માટે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર અને જૂનાગઢ મહાનગરપાલિકાની ટીમ સતત કાર્યરત છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લામાં યોજાયેલ લાઈવ કાર્યક્રમને મહાનુભાવો અને લોકોએ નિહાળ્યો હતો.

# જૂનાગઢ ખાતે આવાસ યોજનાના લાભાર્થીઓએ આપ્યા પ્રતિભાવો




જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ વિધાનસભા બેઠકના આવાસોના ગૃહ પ્રવેશ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ અન્વયે આજ રોજ આવાસ યોજનાના ઉપસ્થિત રહેલ લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા.

દોલતપરા વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય ભાવનાબેન નાથાભાઈ પાનેરીએ તેનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, આવાસ યોજના અંતર્ગત સાડા ત્રણ લાખની સહાય મળી છે. આજે પાકા ઘરનું સપનું પૂરૂ થયું છે. તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધી કાચા મકાનમાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. ૨ આ ઉપરાંત ઈવનગરના જશુબેન વાઘેલા અને ગોલાધર ના રજનીકાંતભાઈ ગોહિલે પણ તેમના પ્રતિભાવો આપ્યા હતા.

આમ, આવાસ યોજના થકી લાભાર્થીઓના જીવનમાં આવેલ સુખદ પરિવર્તનનો આનંદઅને સંતોષ તેમના વકતવ્યમાં સ્પષ્ટ જોવા મળ્યો હતો.

# જૂનાગઢ ખાતે આવાસ યોજનાના કાર્યક્રમમાં સરકારની વિવિધ યોજનાઓના સ્ટોલ બન્યા આકર્ષણનું કેન્દ્ર




જૂનાગઢ, તા.૧૨

ખલીલપુર રોડ સ્થિત કૈલાશ ફાર્મ ખાતે યોજાયેલ આવાસ યોજનાના ઈ ખાતમુહૂર્ત અને ગૃહ પ્રવેશ કાર્યક્રમ પ્રસંગે ઉપસ્થિત લોકોને કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ ની માહિતી આપતા સ્ટોલ નિદર્શન લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, પદાધિકારી, અધિકારીઓએ સ્ટોલની મુલાકાત લીધી હતી. ધારાસભ્ય શ્રી સંજયભાઈએ જણાવ્યું હતું કે, આવાસ યોજનાના ઈ ખાતમુહુર્ત અને લોકાર્પણ પ્રસંગે લોકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા છે. ત્યારે લોકોને કલ્યાણકારી યોજનાઓની માહિતી મળે અને માર્ગદર્શન મળે એ માટે સ્ટોલ નિદર્શનનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટોલમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ જેવી કે, શહેરી ફરિયાઓને વ્યાજ સહાયની લોન માટેની પીએમસ્વ નિધિ યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના પારંપારિક શિલ્પકારો અને કારીગરોને સહાયતા માટેની કેન્દ્રીય યોજના, પુરવઠા વિભાગની પ્રધાનમંત્રી ઉજજ્વલા યોજના, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના,ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, આયુષ્માન ભારત , વહાલી દીકરી યોજના સહિતની યોજનાના સ્ટોલ નિદર્શન યોજવામાં આવ્યુ હતુ. લોકો એ આ સ્ટોલની મુલાકાત લઈ અને જાણકારી મેળવી હતી.

# માંગરોળ વિધાનસભા ક્ષેત્રના ૪૦૫ આવાસોનું ઈ-લોકાર્પણ ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયાની પ્રરેક ઉપસ્થિતિમાં યોજાયો






જૂનાગઢ, તા.૧૨

રાજ્ય સરકારના નેતૃત્વ હેઠળ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે તેમજ મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેથી તા.૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કેન્દ્ર તથા રાજ્ય સરકારની અમલીકૃત પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રા), પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી), ડો. આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાઓના સમગ્ર રાજયના ૩૩ જિલ્લાઓના ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોના અંદાજિત રૂ.૨,૯૯૩ કરોડના ખર્ચે કુલ ૧,૩૧,૪૫૪ આવાસોનું વર્ચ્યુઅલ માધ્યમથી ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લાનાં માળિયા માંગરોળ વિધાનસભા મતક્ષેત્રના ગામોમાં ૪૦૫ જેટલા આવાસોનું અગ્રણીશ્રીઓની ઉપસ્થિતીમાં પ્રધાનમંત્રીના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે માંગરોળના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા, અગ્રણી વેલજીભાઈ મસાણી, દિલીપસિંહ સિસોદિયા, ચંદુભાઈ મકવાણા, દાનાભાઈ ખાંભલા, સહિત તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સદસ્યો આવાસ યોજનાના લાભાર્થીઓ સહિત વિશાળ સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી પ્રધાનમંત્રીનો વર્ચ્યુઅલ કાર્યક્રમ નિહાળ્યો હતો. કાર્યક્રમનુ સંચાલન રમેશ જોષીએ કર્યુ હતું.

# કેશોદ વિધાનસભા બેઠકના ૧૧૯ લાભાર્થીઓના આવાસનું ઈ - લોકાર્પણ

## કેશોદ ખાતે ધારાસભ્ય દેવાભાઈ માલમ, કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા સહિતના પદાધિકાર-અધિકારી ઉપસ્થિત રહ્યા




જૂનાગઢ, તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યભરના જુદી જુદી આવાસ યોજનાના લાભાર્થીઓના ઘરના ઘરનું ઈ - લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવાની સાથે કેશોદ વિધાનસભા બેઠકના ૧૧૯ આવાસોનું પણ આ સાથે લોકાર્પણ થયું હતું. બનાસકાંઠાના ડીસા ખાતે રાજયભરના ૧,૩૧,૪૫૪ આવાસોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ દિલ્હી ખાતેથી વર્ચ્યુઅલી લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું. કેશોદના આહીર સમાજ ખાતે ૮૮ કેશોદ વિધાનસભા ક્ષેત્રના કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી દેવાભાઈ સંબોધતા જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા રાજ્યના ૧,૩૧,૪૫૪ લાભાર્થીઓના આવાસનું લોકાર્પણ ખાતમુહૂર્ત થયું છે. ત્યારે રાજ્ય સરકાર આવાસની સાથે મૂળભૂત સુવિધાઓ પણ પહોંચાડી રહી છે, લોકોને નળ થી જળ, ૨૪ કલાક વીજળી, ગામે ગામ અને નજીકમાં જ શિક્ષણ માટે શાળા-કોલેજો જેવી સુવિધાઓ નાગરિકોને પૂરી પાડી છે. કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું છે, ગરીબથી માંડી સમૃદ્ધ લોકોનું પોતાના ઘરના ઘરનું સ્વપ્ન હોય છે, ત્યારે ગરીબ લોકોને પોતાનું ઘરનું આવાસ બનાવવા માટે ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. જેથી આ પ્રકારની આવાસ યોજનાઓ ગરીબ વર્ગને કેન્દ્રમાં રાખીને કેન્દ્ર-રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. આમ, લોકોને પોતાનું પાકું ઘરનું ઘરનું ઘર મળતા એક સુરક્ષાનો અને આત્મસન્માન ભાવ પણ જાગે છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર રાજ્ય સરકારે બાળક માતાના ગર્ભમાં હોય ત્યાંથી માંડીને અંત્યષ્ટિ સુધીની યોજનાઓ અમલમાં મૂકી છે. આમ, આ કલ્યાણકારી યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ લોકોને મળે તે માટે યુવાઓને વિશેષ પ્રયાસ કરવા માટે પણ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મહિડા ગીરીશભાઈ, કાંતાબેન દવે અને વાઢીયા નયના બેને આવાસ યોજનાના મળેલા લાભથી અને પાકુ આવાસ બનતા ઘણી મુશ્કેલીઓ દૂર થઈ હોવાનું પ્રતિભાવ આપતા કેન્દ્ર રાજ્ય સરકારનું આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે આવાસ યોજનાના લાભાર્થીઓને પ્રતિકાત્મક રૂપે આવાસની ચાવી અર્પણ કરવામાં પણ આવી હતી. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ મનુભાઈ ઓડેદરા, નગરપાલિકાના ઉપપ્રમુખના પ્રતિનિધિ ચિરાગભાઈ ભોપાળી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અજયભાઈ કોટક, કેશોદ શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ ભાલાળા, તાલુકા ભાજપ પ્રમુખ સહિત અતુલભાઈ ઘોડાસરા, મનસુખભાઈ રાઠોડ, હરેશભાઈ રાઠોડ, હમીરભાઈ ધુળા, સમીરભાઈ પાંચાણી, રામભાઈ કેશવાલા, પ્રાંત અધિકારી કિશન ગરચર, ડીવાયએસપી ઠક્કર, નગરપાલિકાના ચીફ ઓફિસર વાઘેલા સહિતના પદાધિકારી-અધિકારી ઉપરાંત કેશોદ વિધાનસભા બેઠકના નાગરિકો મોટી સંખ્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે જૂનાગઢનાં વિસાવદર વિધાનસભા ક્ષેત્રના ૧૫૧ આવાસોનું ઈ-લોકાર્પણ




જૂનાગઢ, તા.૧૨

રાજ્ય સરકારના નેતૃત્વ હેઠળ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે તેમજ મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતેથી તા.૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ કેન્દ્ર તથા રાજ્ય સરકારની અમલીકૃત પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રા), પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી), ડો. આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાઓના સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓના ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોના અંદાજિત રૂ.૨,૯૯૩ કરોડના ખર્ચે કુલ ૧,૩૧,૪૫૪ આવાસોનું વર્ચ્યુઅલ માધ્યમથી ઈ-લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લાનાં વિસાવદર-ભેસાણ વિધાનસભા મતક્ષેત્રના ગામોમાં ૧૫૧ જેટલા આવાસોનું વિસાવદર નગરપાલીકા હાઈસ્કુલ ગ્રાઉન્ડ ખાતે અગ્રણીશ્રીઓની ઉપસ્થિતીમાં પ્રધાનમંત્રીશ્રીના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે જિલ્લા સહકારી બેક્નાં ચેરમેન કિરીટભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિકાસકાર્યોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ધૂરા સંભાળી છે ત્યારથી આજ સુધી ગુજરાતનો અવિરત વિકાસ થયો છે. ગુજરાતમાં ૬ લાખ આવાસોનું લક્ષ્યાંક હતો. જેમાંથી ૫.૫ લાખ આવસો તૈયાર છે અને ૫૦ હજાર નિર્માણાધિન છે. મોદીજીની અધ્યક્ષતામાં જી-૨૦નું અધ્યક્ષપદ પણ ભારતે મેળવ્યું અને સફળ આયોજન કર્યું હતું. પ્રધાનમંત્રીશ્રી ગરીબ, યુવા, અન્નદાતા-ખેડૂત અને નારીશક્તિ-મહિલા પ્રાધાન્ય આપે છે. તેઓ આ ચારેય વર્ગના વિકાસ માટે અવિરત કાર્ય કરી રહ્યા છે. જનધન યોજના હેઠળ ૫૨ કરોડથી વધુ ખાતેદારોને ઢમ્ના માધ્યમથી વિવિધ યોજનાની સહાય હવે સીધી બેક્ક ખાતાઓમાં જમા થાય છે. જિલ્લા સહકારી બેક્ક જૂનાગઢ દ્વારા ગરીબ વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજે રૂ.૧૦ લાખની લોન આપવાની પણ જાહેરાત કરી હતી. પૂર્વ કૃષિ મંત્રી કનુભાઈ ભાલાળાએ સરકારની કૃષિકલ્યાણ યોજનાઓની સરાહના કરતા જણાવ્યુ હતુ કે કુદરતી આપદામાં સરકાર ખેડુતોની હામી બની પડખે ઉભે છે. કૃષિ ઉત્પાદનોનાં પોષણક્ષમ ભાવો મળતા થયા છે. અગાઉના દિવસોમાં વીજળીની મુશ્કેલીઓ હતી તેનું નિવારણ લાવી સમગ્ર ગુજરાતના ગામોમાં ૨૪ કલાક વીજળી મળી રહી છે. ઉદ્યોગોનો વિકાસ રોજગારીની તકો પૂરી પાડે છે. આ પ્રસંગે ભેસાણ તાલુકા પંચાયત પ્રમુખ ગાંડુભાઈ કથિરીયા અને પુર્વ ધારાસભ્ય હર્ષદભાઈ રીબડીયાએ પ્રધાનમંત્રી દ્વારા ગરીબોનાં ઉન્મુલન માટે હાથ ધરાઇ રહેલ યોજનાઓની સરાહના કરી ઉમેર્યુ હતુ કે ભૂગર્ભ જળને સુરક્ષિત રાખવા નલ સે જલ જેવી યોજનાઓથી ઘરે ઘરે પાણી પહોંચાડ્યું છે. આયુષ્યમાન કાર્ડ દ્વારા ગરીબોને ગુજરાતમાં રૂા.૧૦ લાખ સુધીની વિનામુલ્યે સારવાર મળી રહી છે. ૧૬૦૦ કીમી લાંબા દરિયા કિનારાના સાગરખેડૂઓ માટે સાગરખેડૂ યોજના અને ખેડુતો માટે કૃષિ પ્રોત્સાહક અનેક યોજના બનાવી છે. મહિલાઓના વિકાસમાં અગ્રેસર ગુજરાત જ પહેલું એવું રાજ્ય છે કે જ્યાં મહિલા કલ્યાણ અને બાળ વિકાસ વિભાગની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનાં લેરીયા ગામનાં રાજેશભાઈ પુનાભાઈ દાફડાએ જણાવ્યુ હતુ કે, આર્થિક નબળી સ્થિતીમાં પાકુ ઘરનુ ઘર હોવુ એ તો સ્વપ્ન હોય છે, પ્રધાનમંત્રીશ્રીએ આવાસ યોજના દ્વારા પાકા ઘરના માલીક બનાવ્યા છે અને સુખેથી આનંદિત છીએ. ભેસાણ તાલુકાનાં ખંભાળીયા ગામનાં વર્ષાબેન કાંતિભાઇ સોલંકીએ પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ મળ્યાની ખશી વ્યક્ત કરતા જણાવ્યુ હતુ કે, જે રીતે એક પાલક પિતા પોતાનાં સંતાનુ ધ્યાન રાખે છે તે રીતે સરકાર અમારા જેવા ગરીબોનું ધ્યાન રાખે છે. પોતાને પાકુ ઘરનૂં ઘર મળ્યા બદલ પ્રધાનમંત્રી અને સરકારનો આભાર માન્યો હતો. વિસાવદર નગરપાલીકા ક્ષેત્રમાં વસતા ભરતભાઈ નંદલાલભાઈ વ્યાસે મંત્રીના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થી તરીકે ખુશી વ્યક્ત કરી કલ્યાણકારી યોજનાઓની સરાહના કરી પ્રધાનમંત્રી પરત્વે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શાળાની બાળાઓ દ્વારા સરકારની વિવિધ યોજનાઓ અંગેની ક્વીઝમાં ભાગ લીધો હતો અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજૂ કર્યા હતા. આ પ્રસંગે વિસાવદર તાલુકા પંચાયતનાં પ્રમુખ રેખાબેન સોમાતભાઈ સરસીયા, જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલભાઈ કાવાણી, કુમારભાઈ બસીયા, અનકભાઈ ભોજક, અનુભાઈ ગુજરાતી, તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ ભરતભાઈ કોટડીયા, અગ્રણી હરીભાઈ રિબડીયા, દિપકભાઈ ડોબરીયા, રામભાઈ સોજીત્રા, નિતીનભાઈ સોજીત્રા, અશ્વિનભાઈ સરધારા,પ્રાંત અધિકારી કિર્તનબેન રાઠોડ, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારી સુશ્રી જોષી, મામલતદાર ચીફ ઓફિસર કરમટા, આવાસ યોજનાના લાભાર્થીઓ સહિત વિશાળ સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી પ્રધાનમંત્રીશ્રીનો વર્ચ્યુઅલ કાર્યક્રમ નિહાળ્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સુરક્ષા માપદંડોની ઉપેક્ષા જ દુર્ઘટનાને નોતરૂ દે છે

મધ્યપ્રદેશના હરદામાં એક ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટથી ૧૧થી વધુ લોકોનાં મોત અને ૫૦થી વધુ લોકો ઘાયલ તો થયા જ, પણ આસપાસના ઘરોને પણ ઘણું નુક્સાન થયું છે. એવું એટલા માટે થયું, કારણ કે ફેક્ટરી ઘરોની આસપાસ જ હતી અને કોઈએ એની ચિંતા ન કરી કે દુર્ઘટનાની સ્થિતિમાં જાન-માલનું નુક્સાન ક્યાંય વધારે હોઈ શકે છે. એના પર આશ્ચર્ય નહીં કે એ સામે આવી રહ્યું છે કે ફેક્ટરીમાં મનમાફક રીતે દારૂગોળાનો સંગ્રહ કરાઈ રહ્યો હતો. આ સંગ્રહ કેટલા મોટા પાયે કરવામાં આવ્યો હતો, તેની જાણ એનાથી થાય છે કે તેમાં વિસ્ફોટને કારણે અડધા કલાક સુધી વિસ્ફોટો થતા રહ્યા અને વિસ્તારમાં અફરાતફરી ફેલાઈ ગઈ. ઘટનાની ગંભીરતાનો અંદાજ એના પરથી લગાવી શકાય છે કે આસપાસના કેટલાય શહેરોમાંથી અગ્નીશામક દળની ગાડીઓ બોલાવવી પડી. એમાં શંકા નહીં કે ભીષણ દુર્ઘટનાનો શિકાર બનેલી ફટાકડા ફેક્ટરી સુરક્ષા માપદંડોની ધરાર અવગણના કરીને ચાલતી હતી.

કોઈપણ સમજી શકે છે કે ફેક્ટરીના નિરીક્ષણના નામે ખાનાપૂર્તિ જ કરાતી હશે. સંબંધિત વિભાગના અધિકારી કાગળિયે એ નોંધીને કર્તવ્ય પૂરું કરી લેતા હશે કે ફેક્ટરી નક્કી માપદંડોના આધારે જ ચાલી રહી છે. ફેક્ટરીઓ, હોટેલો વગેરે સાથે જાહેર સ્થળોની સુરક્ષા મામલે આપણા દેશમાં આવું જ થાય છે. નિરીક્ષણના નામે સુરક્ષા માપદંડોની અવગણના જ કરવામાં આવે છે. આ જ કારણે આપણા દેશમાં એવી દુર્ઘટનાઓ સતત થતી રહે છે, જેવું હરદામાં થયું. આ દુર્ઘટનાઓમાં કેટલાય લોકો માર્યા જાય છે અને શાસન-પ્રશાસન સાથે દેશની પણ બદનામી થાય છે, પરંતુ કોઈ જરૂરી બોધ લેવાનો ઈનકાર કરવામાં આવે છે. સ્થિતિ એ છે કે તપાસ અને કાર્યવાહીના નામે ઢાંકપિછોડો કરવામાં આવે છે અને જવાબદાર લોકોને કશું થતું નથી. એવા સમયે જ્યારે દેશને વિકસિત બનાવવાની કોશિશો થઈ રહી છે, ત્યારે એ જોવું દયનીય છે કે કાર્યસ્થળો, સડકો, જાહેર આયોજનો વગેરેમાં સુરક્ષાના સામાન્ય નિયમોની અવગણના જ થાય છે. જ્યારે દેશનાં મોટાં શહેરોમાં આવું થતું હોય તો અનુમાન લગાવો કે હરદા જેવા શહેરોમાં કેવું થતું હશે? આખરે આપણે ક્યારે ચેતીશું અને જોઈશું કે ભારત કરતાં ક્યાંય ઓછા વિકાસશીલ દેશોમાં જાહેર સુરક્ષાના નિયમોનું પાલન વધુ સંતોષજનક છે? કમ સે કમ હવે તો સમજવું જોઈએ કે જાહેર સુરક્ષાના નિયમોની અવગણના દેશની પ્રગતિમાં મોટી અડચણ છે. ધ્યાન રહે કે આપણે ત્યાં જેવા સુરક્ષા માપદંડોની ઉપેક્ષા કરવામાં આવે છે, એવી જ રીતે નિર્માણ કાર્યોની ગુણવત્તા પ્રત્યે પણ લાપરવાહી દાખવવામાં આવે છે.

# રજા માટે ખોટી આમંત્રણ પત્રિકા બનાવવી ટ્રેઈની PSIને ભારે પડી

ગાંધીનગર, તા.૧૨

કરાઈ પોલીસ એકેડમીમાં રજા માટે ખોટી આમંત્રણ પત્રિકા બનાવવી ટ્રેઈની પીએસઆઈને ભારે પડ્યું છે. નકલી આમંત્રણ પત્રિકા મામલે ટ્રેઈની પીએસઆઈ સામે ડભોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. ટ્રેઈની પીએસઆઈનો ભાંડો ફૂટતા તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. રજા મેળવવા સગાઈનું ખોટું આમંત્રણ કાર્ડ બનાવતા કાર્યવાહી કરાઈ છે. ઉપરી અધિકારીના ધ્યાને આવતા તેને સસ્પેન્ડ કરાયો. હજી તો નોકરી શરૂ નથી થઈ ત્યાં જ પીએસઆઈના રજા લેવાના નખરા શરૂ થઈ ગયા છે. ગાંધીનગરમાં કરાઈ એકેડમીમાં એક ટ્રેઈની પીએસઆઈએ રજા લેવા માટે જે કર્યુ તે જાણીને ઉપરી અધિકારીઓ પણ ચોંકી ગયા હતા. પાલનપુરનો ૨૦ વર્ષીય યુવક મુન્નાભાઈ જાન્યુઆરી ૨૦૨૩ થી બિનહથિયારધારી પીએસઆઈ તરીકે કરાઈ એકેડમીમાં તાલીમ લઈ રહ્યો હતો. તેણે બે દિવસની રજા માટે એકેડમીમાં માંગણી કરી હતી. આ માટે તેણે પોતાની સગાઈનું કારણ જણાવ્યુ હતું. એટલું જ નહિ, તેણે ૧ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ પોતાની સગાઈનું આમંત્રણ કાર્ડ પણ છપાવ્યુ હતું. જેના દ્વારા તેણે બે દિવસની રજા મંજૂર કરાવી હતી. પરંતુ ઉપરી અધિકારીઓને ધ્યાને આવ્યું કે, તેની સગાઈ પત્રિકામાં અનેક લોચા હતા. તેમાં માત્ર યુવક અને યુવતીનું જ હતુ. તેમા માતાપિતા કે સરનામાનો કોઈ ઉલ્લેખ ન હતો. ઉપરી અધિકારીએ શંકા જતા તેઓએ તપાસ કરાવી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જે અપ્રાપ્ય વસ્તુ માટે ચિંતા નથી કરતો અને પ્રાપ્ય વસ્તુનું અભિમાન નથી કરતો તે સાચો સુખી છે.

- મહોપનિષદ્

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.મેહેર-૧૩૯૩, મુ. શાબાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, મહા સુદ-૩ ગૌરી તૃતિયા, પંચક તા.૧૨ ફેબ્રુઆરી ૨૦૨૪, સોમવાર, પારસી તા.૧, મુસ્લિમ તા.૧, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, સિધ્ધ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૨૭, સૂ.અ.૬:૪૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સવારે ૯:૩૬ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

### આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં પણ પિટિશન થઈ છે

# અમેરિકા જવા નીકળેલા નવ ગુજરાતીઓ એક વર્ષથી ગાયબ

અમદાવાદ, તા.૧૨

જાન્યુઆરી ૨૦૨૩માં અમેરિકા જવા નીકળેલા નવ ગુજરાતીઓ છેલ્લા એક વર્ષથી ગાયબ છે, અને આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં પણ પિટિશન થઈ છે. આ કેસમાં પોલીસે મહેન્દ્ર પટેલ ઉર્ફે MDને પણ આરોપી બનાવ્યો હતો પરંતુ મહેન્દ્ર પટેલ તેની સામે FIR નોંધાઈ ત્યારથી જ ગાયબ થઈ ગયો છે. મહેન્દ્ર પટેલ હાલ અમેરિકામાં છૂપાયો હોવાની ચર્ચા છે, પરંતુ આ આખાય ખેલમાં MD માત્ર પ્યાદુ હોવાનું જાણવા મળી રહ્યું છે. સૂત્રોનું માનીએ તો મહેન્દ્ર પટેલે આ કામ મૂળ ઉત્તર ગુજરાતના અને હાલ અમેરિકામાં જ રહેતા અને ત્યાંના સિટીઝન પણ બની ચૂકેલા એક વ્યક્તિને સોંપ્યું હતું, જેનું નામ Dથી શરૂ થાય છે. ગુજરાતીઓને બે નંબરમાં અમેરિકા લઈ જવાનું કામ કરતો આ વ્યક્તિ હજુ ડિસેમ્બર મહિનામાં જ મહેસાણા આવ્યો હતો અને તેના વતનમાં તે રોકાયો પણ હતો, પરંતુ પોલીસ તેના સુધી નહોતી પહોંચી શકી. આ મિસ્ટર D હાલ કદાચ અમેરિકા પહોંચી ચૂક્યો છે, પરંતુ તેણે મહેન્દ્ર પટેલના જે પેસેન્જરોનું કામ હાથમાં લીધું હતું તે તમામ હજુય લાપતા છે. સૂત્રોનું માનીએ તો મિસ્ટર Dએ મહેન્દ્ર સાથે જે ડીલ કરી હતી તેમાં મુખ્ય ભૂમિકા બીજા એક એજન્ટની હતી, જે હાલ અમેરિકામાં જ રહે છે, જેને મોન્ટુના નામે પણ લોકો ઓળખે છે. મોન્ટુ તેનું અસલી નામ નથી, પણ આ વ્યક્તિ છેલ્લા દસેક વર્ષથી અમેરિકા રહે છે અને તે પોતાના લોકેશન તેમજ મોબાઈલ નંબર બદલતો રહે છે. મોન્ટુ પોતે પણ દસેક વર્ષ પહેલા કેરેબિયન આયલેન્ડ્સવાળી લાઈનથી અમેરિકા ઈલીગલી આવ્યો હતો, અને પાછળથી તેણે આ જ લાઈનના બધા સેટિંગ્સ જાણીને પોતાનો અલગથી ધંધો શરૂ કરી દીધો હતો. મોન્ટુ છેલ્લા બે વર્ષમાં જ લગભગ ૩૦૦ જેટલા ગુજરાતીઓને કેરેબિયન ટાપુવાળી લાઈનથી અમેરિકા પહોંચાડી ચૂક્યો છે. જોકે, આ લાઈનમાં જવાવાળા લોકો ખૂબ જ હેરાન પણ થયા હતા તેવો પણ સૂત્રોનો દાવો છે, જેમાંથી કેટલાક લોકોના તો હાથપગ પણ ભાંગ્યા હતા અને અમુકને જેલની હવા ખાવાનો પણ વારો આવ્યો હતો. કેરેબિયન આયલેન્ડ પહોંચ્યા બાદ તેમને મોટાભાગનો પ્રવાસ બાય રોડ કે પછી બોટમાં કરવાનો હોય છે. ચોંકાવનારી વાત એ છે કે મોન્ટુ જે લોકો મારફતે પોતાના પેસેન્જરોની હેરાફેરી કરાવે છે તેમાંના અમુક બોટવાળા ડ્રગ્સની હેરાફેરીમાં પણ સંકળાયેલા હોય છે અને તેમની બોટમાં સવાર થવું ખૂબ જ જોખમી રહેતું હોય છે. આ રૂટ પર લોકોને જંગલોમાં કલાકોના કલાકો સુધી ચાલવું પડે છે, અને તે દરમ્યાન તેમની સાથે ગમે તે થઈ શકે છે. કેરેબિયન આયલેન્ડ્સના અલગ-અલગ ટાપુ પર ફેરવીને છેલ્લે આ લોકોને અમેરિકાની હદમાં આવતા પોર્ટો રિકો આયલેન્ડ પહોંચાડવામાં આવે છે, અને પછી ત્યાંથી તેમને ફેક આઈડી આપી ડોમેસ્ટિક ફ્લાઈટમાં અમેરિકામાં જ્યાં જવું હોય ત્યાં પહોંચાડી દેવાય છે.

**મોન્ટુ પોતે પણ દસેક વર્ષ પહેલા કેરેબિયન આયલેન્ડ્સવાળી લાઈનથી અમેરિકા ઈલીગલી આવ્યો હતો**

### પોતાનાં પતિને જોઈને હસવાની પણ છૂટ નહીં

# ગામમાં મહિલાઓને કપડાં નહીં પહેરવાની પરંપરા

**હિમાચલ પ્રદેશના મણિકર્ણ ઘાટીના પીણી ગામમાં સદીઓથી ચાલી આવતી પરંપરાને અનુસરીને આજે પણ મહિલાઓ કપડાં પહેરતી નથી**

નવી દિલ્હી, તા. ૧૨

દેશ-દુનિયામાં એવી ઘણી પરંપરાઓ હોય છે, જેના વિશે ચર્ચા, વિવાદ અને ટીકા થતી રહે છે. ઘણી વખત લગ્ન પહેલા છોકરા કે છોકરીના ઝાડ સાથે લગ્ન કરવાની પરંપરા, ક્યારેક ભાઈ સાથે તો ક્યારેક મામા સાથે લગ્નની પરંપરાની ચર્ચા પણ થતી હોય છે. ક્યાંક ને ક્યાંક સામાન્ય જીવનમાં સ્ત્રી કે પુરૂષો માટે બનેલી અનેક પરંપરાઓ પણ દેશ અને દુનિયામાં પ્રચલિત છે. જે બીજા લોકોને વિચિત્ર લાગતી હોય છે. ભારતના એક ગામડામાં પણ સ્ત્રી-પુરૂષ માટે એક વિચિત્ર પરંપરા છે. આજે આવી જ એક પરંપરા અંગે ચર્ચા કરીશું. હિમાચલ પ્રદેશના મણિકર્ણ ઘાટીના પીણી ગામમાં સદીઓથી ચાલી આવતી પરંપરાને અનુસરીને આજે પણ મહિલાઓ કપડાં પહેરતી નથી. આટલું જ નહીં આ ગામમાં પુરુષો માટે પણ એક કડક પરંપરા છે, જેનું પાલન કરવું તેમના માટે ફરજિયાત છે. પરંપરા અનુસાર, વર્ષમાં ૫ દિવસ એવા હોય છે જ્યારે મહિલાઓ એક પણ કપડું શરીર પર પહેરતી નથી. તે જ સમયે, પુરુષો આ ૫ દિવસ દરમિયાન દારૂ કે નશાનું સેવન કરી શકતા નથી. પીણી ગામની મહિલાઓ દર વર્ષે શ્રાવણ મહિનામાં ૫ દિવસ સુધી કપડાં પહેરતી નથી. એવું કહેવાય છે કે જે મહિલા આ પરંપરાનું પાલન નથી કરતી તેને થોડા દિવસોમાં જ ખરાબ સમાચાર સાંભળવા મળે છે. આ સમયગાળા દરમિયાન, આખા ગામમાં પતિ-પત્ની એકબીજા સાથે વાત પણ કરતા નથી. આ સમયગાળા દરમિયાન પતિ-પત્ની એકબીજાથી સંપૂર્ણપણે દૂર રહે છે. પીની ગામમાં આ પરંપરાનો ખૂબ જ રસપ્રદ ઈતિહાસ છે. જો કે, હવે આ ખાસ ૫ દિવસોમાં મોટાભાગની મહિલાઓ ઘરની બહાર નીકળતી નથી. પરંતુ, હજુ પણ કેટલીક મહિલાઓ આ પરંપરાને સ્વેચ્છાએ અનુસરે છે. પુરુષો માટે પણ આ પરંપરાનું પાલન કરવું ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. જો કે તેમના માટે નિયમો કંઈક અલગ જ બનાવવામાં આવ્યા છે. શ્રાવણનાં આ પાંચ દિવસોમાં પુરુષોએ દારૂ અને માંસનું સેવન ન કરવાની પરંપરા છે. એવું કહેવાય છે કે જો કોઈ માણસ પરંપરાનું યોગ્ય રીતે પાલન ન કરે તો દેવતાઓ ગુસ્સે થઈ જાય છે અને તેને નુકસાન પહોંચાડે છે. આ બંને પરંપરાઓને અનુસરવા પાછળ એક રસપ્રદ વાર્તા છે, જે જાણવી જરૂરી છે. કહેવાય છે કે પીણી ગામમાં ઘણા સમય પહેલા રાક્ષસોનો આતંક હતો. આ પછી પીની ગામમાં 'લહુઆ ખોંડ' નામનાં દેવ આવ્યા. દેવતાએ રાક્ષસનો વધ કરી પીની ગામને રાક્ષસોના આતંકથી બચાવ્યું. એવું કહેવાય છે કે આ બધા રાક્ષસો ગામડાની સારી પોશાક પહેરેલી અને સુંદર પોશાક પહેરેલી પરિણીત મહિલાઓનું અપહરણ કરી લેતા હતા. દેવતાઓએ રાક્ષસોનો વધ કરીને સ્ત્રીઓને આમાંથી બચાવી હતી. ત્યારથી, દેવો અને દાનવો વચ્ચે ૫ દિવસ સુધી મહિલાઓના વસ્ત્રો ન પહેરવાની પરંપરા છે. એવું માનવામાં આવે છે કે જો મહિલાઓ કપડામાં સુંદર દેખાતી હોય તો આજે પણ રાક્ષસો તેમને છીનવી શકે છે. આ પાંચ દિવસોમાં પતિ-પત્ની એકબીજા સામે જોઈને હસી પણ શકતા નથી. પરંપરા મુજબ, પ્રતિબંધો બંનેને લાગુ પડે છે. આ સમયગાળા દરમિયાન મહિલાઓને માત્ર એક જ કપડા પહેરવાની છૂટ છે. પીની ગામની મહિલાઓ જે આ પરંપરાનું પાલન કરે છે તેઓ ઉનમાંથી બનેલા પટકાનો ઉપયોગ કરી શકે છે. પીની ગામના લોકો આ સમયગાળા દરમિયાન કોઈ બહારના વ્યક્તિને ગામમાં પ્રવેશવા દેતા નથી. તેમના આ વિશેષ ઉત્સવમાં બહારના લોકો પણ ભાગ લઈ શકતા નથી.

### મોટાભાગના લોકો સાપથી ડરે છે

# સાપ માટે દૂધ કોઈ ઝેરથી ઓછું નથી, સાપનું થઈ શકે છે મોત



**સાપ હકીકતમાં માંસાહારી જીવો છે, જ્યારે સાપને ભૂખ લાગે છે ત્યારે તેઓ પોતાનું પેટ ભરવા દેડકા, ઉંદરો, પક્ષીઓ, ગરોળી અને સાપનો શિકાર કરે છે**

નવી દિલ્હી, તા.૧૨

સાપ હકીકતમાં માંસાહારી જીવો છે. જ્યારે સાપને ભૂખ લાગે છે ત્યારે તેઓ પોતાનું પેટ ભરવા દેડકા, ઉંદરો, પક્ષીઓ, ગરોળી અને સાપનો શિકાર કરે છે. તેમની તરસ છીપાવવા માટે સાપ માત્ર પાણી પીવે છે. પરંતુ ભારતમાં સાપ સંબંધિત એક પરંપરા છે, જે અંતર્ગત સદીઓથી સાપને દૂધ પીવડાવવાની પ્રથા છે. નાગ પંચમીના દિવસે સપેરાઓ સાપ સાથે શેરીઓમાં ફરે છે અને લોકો તેમને દૂધ પીવડાવે છે. આનાથી તેમને પૈસા અને અનાજ મળે છે. નિષ્ણાતોના મતે સાપને દૂધ પીવડાવવું ખોટું અને સાપ માટે નુકસાનકારક છે. એટલું જ નહીં, દૂધ પીવાથી સાપ મરી શકે છે. સર્પ નિષ્ણાત ડૉ. વિશાલ પટેલના જણાવ્યા મુજબ દૂધ માત્ર સાપ માટે જ નહીં પરંતુ કોઈપણ સરિસૃપ માટે હાનિકારક છે. તે કહે છે કે સરિસૃપ ન તો પોતે દૂધ ઉત્પન્ન કરે છે અને ન તો દૂધને પચાવવા માટે ઉત્સેચકો ઉત્પન્ન કરે છે. હકીકતમાં, નાગપંચમી પહેલા સપેરાઓ સાપના દાંત તોડી નાખે છે એટલું જ નહીં તેમની ઝેરી ગ્રંથીઓ પણ દૂર કરે છે. નાગપંચમીના ઘણા દિવસો સુધી સપેરાઓ સાપને ભૂખ્યા અને તરસ્યા રાખે છે જેથી તેઓ ભૂખને કારણે કંઈક ખાઈ-પી શકે. નિષ્ણાતોના મતે દૂધ પીવાથી સાપના ફેફસાં અને આંતરડાને પણ નુકસાન થાય છે.

પછી થોડા દિવસો પછી તે મૃત્યુ પામે છે. એટલા માટે નિષ્ણાતો કહે છે કે સાપને દૂધ પીવડાવવું એ તેમને મારવા સમાન છે. અમેરિકાના પેન્સિલવેનિયામાં આવેલી લેઈ યુનિવર્સિટીના ડેવિડ કડલે ૨૦૧૨માં પ્રકાશિત થયેલા એક લેખમાં જણાવ્યું હતું કે, પ્રકૃતિ સજીવોમાં માત્ર તે જ અંગો અને રસાયણો ઉત્પન્ન કરે છે જેની તેમને જરૂર હોય છે.

# અરવિંદ કેજરીવાલની જાહેરાત પંજાબની તમામ સીટો પર હવે એકલા લોકસભા ચૂંટણી લડીશું

નવી દિલ્હી, તા.૧૨

લોકસભા ચૂંટણીની ઠીક પહેલા આમ આદમી પર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સતત પંજાબ પ્રવાસે છે. રાજ્યમાં પોતાની મુલાકાત દરમ્યાન દિલ્હીના સીએમ, મુખ્યમંત્રી ભગવંત માન સાથે અલગ અલગ સરકારી યોજનાઓની શરુઆત કરી રહ્યા છે. આમ આદમી પાર્ટીના બંને મુખ્યમંત્રી મતદારોને વોટ તરીકે આશીર્વાદ પણ માગી રહ્યા છે. આ દરમ્યાન તેમણે જાહેરાત કરી દીધી છે કે રાજ્યની તમામ સીટો પર આપ પાર્ટી ઉમેદવાર ઉતારશે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, આજથી ૨ વર્ષ પહેલા તમે ખૂબ જ આશીર્વાદ આપ્યા હતા અને પંજાબમાં ૧૧૭માંથી ૯૨ સીટો જીતાડી હતી. આજે આપની સામે હાથ જોડીને વધુ એક આશીર્વાદ માગવા આવ્યો છું. ૨ મહિના બાદ લોકસભા ચૂંટણી છે. લોકસભા ચૂંટણી માટે પંજાબમાં ૧૩ સીટ છે અને એક સીટ ચંડીગઢમાં છે. આવનારા ૧૫ દિવસમાં આમ આદમી પાર્ટી આ ૧૪ સીટો પર પોતાના ઉમેદવારોની જાહેરાત કરશે. આગળ સીએમ અરવિંદ કેજરીવાલે લોકસભા ચૂંટણી માટે મત માગતા કહ્યું કે, હવે આપ લોકોને નિવેદન છે કે, જેવી રીતે ૨ વર્ષ પહેલા આશીર્વાદ આપ્યા હતા, તેવી જ રીતે ૧૪ લોકસભા સીટ આમ આદમી પાર્ટીને જીતાડો. ભારે બહુમતથી આમ આદમી પાર્ટીને ૧૪ સીટો તમારે જીતાડવાની છે. તમે જેટલા મજબૂત કરશો, એટલી તાકાત અમને કામમાં આવશે. આખી જિંદગી તમારી સેવા કરીશું.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૧૨-૦૨-૨૦૨૪ થી ૧૮-૦૨-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ ટાળવો હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમિયાન ખૂબ જ કાળજી રાખવી નહિંતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમિયાન કાર્ય સફળતા માટે મહેનત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીયભાગીદાર સાથે મનદઃખ થાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આર્થિક લાભની તક અપાવનારું આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રે નવિન ફેરફારો થાય તેવી શક્યતા છે. નોકરીયાત વર્ગને ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમિયાન જમીન-વાહનને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાનસંબંધિ ચિંતા અનુભવાય.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન હરવા-ફરવાનો પ્રસંગ બને. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેક્ટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનવું. વિશ્વાસે વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારને લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તે બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુકશાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહનપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

ભૌતિક સુખમાં વધારો કરનારું આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઈ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારું હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારું આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ ભરી દેશે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

પારિવારીક કે સામાજિક કાર્યોની અધિક્તા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારું આ સપ્તાહ સમસ્યાઓનું સમાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

કાર્યબોજની અધિક્તાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. રોકાયેલા નાણા છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી અનુભવાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપયશના ભાગીદાર બનવું પડે. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી.

# સુપ્રીમકોર્ટે તેની રજિસ્ટ્રીની કેસની ફાઈલોમાં અરજદારોની જાતિ, ધર્મનો ઉલ્લેખ કરવાની પ્રથાને દુર કરવા માટે જણાવ્યું

## રાજસ્થાનની ફેમિલી કોર્ટ સમક્ષ પેન્ડિંગ વૈવાહિક વિવાદમાં ટ્રાન્સફર પિટિશનને મંજૂરી આપતાં સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો હતા

નવી દિલ્હી, તા.૧૨

તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો હતો કે, તેના આદેશને બારના સભ્યો તેમજ રજિસ્ટ્રીના ધ્યાન ઉપર તાત્કાલિક પાલન માટે લાવવામાં આવે. સુપ્રીમ કોર્ટે તેના રજિસ્ટ્રી અધિકારીઓને કોર્ટના તાજેતરના આદેશનું પાલન કરવા કહ્યું જેમાં તેને નિર્દેશ આપવામાં આવ્યો હતો કે, વાદીઓની જાતિ અથવા ધર્મનો ઉલ્લેખ કરવાની પ્રથાને દૂર કરવી જોઈએ. ૧૦ જાન્યુઆરીના રોજ જસ્ટિસ હિમા કોહલીની આગેવાની હેઠળની બેન્ચે સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રી અને અન્ય તમામ અદાલતોને અદાલતના કેસોમાં અરજદારોની જાતિ અથવા ધર્મનો ઉલ્લેખ કરવાની પ્રથા તરત જ દૂર કરવા નિર્દેશ આપ્યો હતો. જારી કરાયેલા એક પરિપત્રમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, 'કોર્ટના નિર્દેશોના પાલનમાં ઉપર મુજબ રજિસ્ટ્રીના તમામ સંબંધિત અધિકારીઓને આથી ઉપરોક્ત નિર્દેશોનું પાલન કરવા માટે નિર્દેશિત કરવામાં આવે છે, જે હવેથી જાતિ અથવા ધર્મના આ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવેલી અરજી/કાર્યવાહીના પક્ષકારોના મેમોમાં પક્ષકારોનો ઉલ્લેખ કરવામાં આવશે નહીં પછી ભલેને નીચેની અદાલતો સમક્ષ આવી કોઈ વિગતો આપવામાં આવી હોય ન હોય.' તેમણે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન (SCBA) અને સુપ્રીમ કોર્ટ એડવોકેટ્સ ઓન-રેકોર્ડ એસોસિએશન (SCAORA) જેવી બાર સંસ્થાઓના સભ્યોને નિર્દેશોની નોંધ લેવા જણાવ્યું હતું. ૧૦ જાન્યુઆરીના રોજ ન્યાયાધીશ અહસાનુદીન અમાનુલ્લાની પણ બનેલી બેંચે તમામ હાઈકોર્ટને નિર્દેશ આપ્યો હતો કે, તેઓ એ સુનિશ્ચિત કરે કે પક્ષકારોના મેમોમાં કોઈપણ પક્ષકારોની જાતિ અથવા ધર્મ તેમના અધિકારક્ષેત્ર હેઠળની હાઈકોર્ટ અથવા ગૌણ અદાલતો સમક્ષ દાખલ કરવામાં આવેલી કોઈપણ અરજીમાં દેખાય નહીં. બેન્ચે કહ્યું હતું કે, 'અમને આ કોર્ટ અથવા



નીચેની અદાલતો સમક્ષ કોઈપણ અરજદારની જાતિ/ધર્મનો ઉલ્લેખ કરવાનું કોઈ કારણ દેખાતું નથી. આવી પ્રથાને દૂર કરીને તરત જ બંધ કરવી જોઈએ. આ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી અરજી/કાર્યવાહીના પક્ષકારોના મેમોમાં પક્ષકારોની જાતિ અથવા ધર્મનો ઉલ્લેખ કરવામાં આવશે નહીં પછી ભલેને નીચેની અદાલતો સમક્ષ આવી વિગતો રજૂ કરવામાં આવી હોય.' રાજસ્થાનની ફેમિલી કોર્ટ સમક્ષ પેન્ડિંગ વૈવાહિક વિવાદમાં ટ્રાન્સફર પિટિશનને મંજૂરી આપતાં સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે, પક્ષકારોના મેમોમાં પતિ અને પત્ની બંનેની જાતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અરજદારના વકીલે કોર્ટને જાણ કરી હતી કે, જો નીચેની અદાલતો સમક્ષ દાખલ કરાયેલ પક્ષકારોના મેમોમાં કોઈપણ રીતે ફેરફાર કરવામાં આવે તો રજિસ્ટ્રી વાંધો ઉઠાવે છે અને હાલના કિસ્સામાં બંને પક્ષકારોની જાતિનો ઉલ્લેખ કોર્ટ સમક્ષ કરવામાં આવ્યો હતો. નીચેની અદાલતમાં તેમની પાસે ટ્રાન્સફર પિટિશનમાં તેમની જાતિનો ઉલ્લેખ કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. ત્યારપછી સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો હતો કે, તેના આદેશને બારના સભ્યો તેમજ રજિસ્ટ્રીના ધ્યાન ઉપર તાત્કાલિક પાલન માટે લાવવામાં આવે.

# SC, STની દરેક પેટા જાતિઓ સામાજિક, આર્થિક સ્થિતિની દૃષ્ટિએ એકરૂપ ન હોઈ શકે : સુપ્રીમ કોર્ટ

## કોર્ટે કહ્યું કે, અનુસૂચિત જાતિની અંદર વિવિધ જાતિઓનો સામાજિક દરજ્જો અને અન્ય સૂચકાંકો અલગ હોઈ શકે છે તેથી સામાજિક અને આર્થિક પછાતતા દરેક પેટા જાતિમાં બદલાઈ શકે છે

નવી દિલ્હી, તા.૧૨


અનામત આપવા માટે રાજ્યો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓને પેટા-વર્ગીકૃત કરી શકે છે કે કેમ તેની તપાસ કરતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, તમામ SC અને ST તેમના સામાજિક, આર્થિક, શૈક્ષણિક અને સામાજિક દરજ્જાના સંદર્ભમાં એકરૂપ ન હોઈ શકે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, દલીલ એ છે કે, સમાજશાસ્ત્રીય રૂપરેખા, આર્થિક વિકાસ, સામાજિક ઉન્નતિ, શિક્ષણની પ્રગતિના સંદર્ભમાં એકરૂપતા નથી. ભૂતકાળના સંદર્ભમાં વિજાતીયતા છે. અનુસૂચિત જાતિની અંદરની વિવિધ જાતિઓ માટે સામાજિક દરજ્જો અને અન્ય સૂચકાંકો અલગ-અલગ હોઈ શકે છે. તેથી સામાજિક અને આર્થિક પછાતતા એ વ્યક્તિ દર વ્યક્તિ અથવા જાતિમાં બદલાઈ શકે છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે, કેન્દ્ર સરકાર એવા લોકોને જેઓ સેંકડો વર્ષોથી ભેદભાવનો ભોગ બન્યા છે તેમને સમાનતા સાથે હકારાત્મક પગલાં દ્વારા પછાત વર્ગો માટે અનામતની જાહેર કરેલી નીતિ માટે પ્રતિબદ્ધ છે. વરિષ્ઠ એડવોકેટ કપિલ સિબ્બલે વંચિત વર્ગોમાં વાસ્તવિક સમાનતા સુનિશ્ચિત કરવા માટે એસસી અને એસટીનું પેટાવર્ગીકરણ કરવા માટે રાજ્યોને સત્તા આપવામાં આવે તેની તરફેણમાં દલીલ કરી હતી. તેમણે કહ્યું કે, ૨૧મી સદીમાં આપણે એવા લોકો માટે સમાનતાની વાત કરી રહ્યા છીએ જેઓ સદીઓથી અપમાનિત અને વંચિત છે. ખંડપીઠે બંધારણના ઘડવૈયાઓને પ્રોપર્ટીની માલિકી અને ચૂંટણી લડવા જેવા અનેક હક માટે કોઈ લાયકાત નક્કી ન કરવા બદલ પ્રશંસા કરી હતી. પૂર્વ એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલે જણાવ્યું હતું કે, જો રાજ્ય નાગરિકોના તમામ વર્ગો વચ્ચે નોંધપાત્ર સમાનતા પ્રાપ્ત કરવા માંગે છે તો અસમાનતાઓ માટે સમાન વર્તન કરી શકાય નહીં. એટર્ની જનરલ આર. વેંકટરામણી, રાકેશ ખન્ના, સલમાન ખુર્શીદ, સિદ્ધાર્થ લુથરા અને ગોપાલ શંકરનારાયણન સહિત અનેક વકીલોએ પણ આ કેસમાં દલીલો કરી હતી. ગુરૂવારે ફરી સુનાવણી શરૂ થશે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે, તે તેના ૨૦૦૪ના ચુકાદાની એવી માન્યતાની ચકાસણી કરશે જેમાં કહેવામાં આવ્યું છે કે, રાજ્યો પાસે ક્વોટાની મંજૂરી માટે SC અને જીને વધુ પેટા-વર્ગીકરણ કરવાની સત્તા નથી. ચિન્નૈયાના ચુકાદામાં કહેવામાં આવ્યું હતું કે, SCનું 'પેટા-વર્ગીકરણ' બંધારણની કલમ ૧૪ (સમાનતાના અધિકાર)નું ઉલ્લંઘન કરશે. ૨૦૦૪ના ચુકાદામાં જણાવવામાં આવ્યું હતું કે, બંધારણની કલમ ૩૪૧ હેઠળ રાષ્ટ્રપતિની યાદીમાંથી SC ગણાતી જાતિઓને માત્ર સંસદ જ બાકાત કરી શકે છે, રાજ્યની વિધાનસભાઓને તે સત્તા નથી. કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવતી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં, ઉપલબ્ધ બેઠકોમાંથી ૨૨.૫ ટકા SC અને ૭.૫ ટકા ST વિદ્યાર્થીઓ માટે અનામત છે. આ જ માપદંડ જાહેર રોજગારના કિસ્સામાં પણ લાગુ પડે છે.

# રાજ્યમાં ૨૦૨૪માં વિવિધ સંવર્ગની ૮૦૦૦ જેટલી જગ્યાઓની ભરતી કરાશે

ગાંધીનગર, તા.૧૨

વિધાનસભા ગૃહમાં ભરતી પ્રક્રિયા મામલે રાજ્ય સરકાર અને કોંગ્રેસ આમને સામને થઈ છે. જેમાં રાજ્ય સરકારે ભરતી મુદ્દે ગૃહમાં નિવેદન આપતાં જણાવ્યું કે, ૨૦૨૪ માં ૮૦૦૦ જેટલી ભરતી કરવામાં આવશે. આ તમામ જગ્યાઓ ઉપર પરીક્ષાથી જ ભરતી કરવા માટેની સરકારે યોજના બનાવી હોવાનું જણાવાયું છે. વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નમાં સરકારે માહિતી આપી હતી. જેમાં ચાલુ વર્ષમાં રાજ્યમાં ૨૦૨૪માં કુલ ૮૦૦૦ જેટલી વિવિધ સંવર્ગની ભરતી કરવામાં આવશે. આ માટે સરકાર દ્વારા સામાન્ય જ્ઞાન અને ટેકનિકલ પ્રશ્નોના પેપર લેવાશે. તેમ વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નમાં સરકારે માહિતી આપી હતી. આ તરફ તાજેતરમાં જ સરકાર દ્વારા વિવિધ વિભાગો માટે ૫ હજારથી વધુ ભરતી બહાર પાડી છે. જેના માટે ફોર્મ ભરાઈ ગયા છે. સરકારી ભરતીઓમાં ગેરરીતિનો મુદ્દો ગૃહમાં ઉઠ્યો હતો. જેમાં કોંગ્રેસના અગ્રણી નેતા અર્જૂન મોઢવાડિયાએ આક્ષેપ કર્યો હતો, ગૌણ સેવા પસંદગીની ભરતીઓમાં ગેરરીતિ થતી હતી. જેમાં હવે સરકારે પ્રામાણિક અધ્યક્ષની નિમણૂંક કરી છે. ત્યારે કેટલાં કેસોમાં તપાસ ચાલું છે અને ભરતીની શું સ્થિતિ છે. આ અંગે ગૃહમાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જવાબ આપતાં જણાવ્યું કે, ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ પ્રામાણિક જ છે. જેમાં અગાઉ કેટલીક ઘટનાઓ થઈ હતી તેની તપાસ ચાલુ છે. તેમજ સરકાર દ્વારા પરીક્ષાઓ લેવામાં આવી રહી છે અને તેના નિમણુંક પત્ર પણ આપવામાં આવી રહ્યા છે. મંત્રીએ કહ્યું કે, વર્ગ-૩ની જગ્યાઓ સત્વરે ભરવાનું આયોજન હાથ ધરાયું છે. જે માટે વર્ષ ૨૦૨૪માં કુલ ૮૦૦૦ જેટલી વિવિધ સંવર્ગની જગ્યાઓની ભરતી બહાર પાડવામાં આવનાર છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વર્ષ-૨૦૨૨માં ૧૬૮૦ અને વર્ષ ૨૦૨૩માં ૧૨૪૬ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત બહાર પાડવામાં આવી હતી. નવેમ્બર-૨૦૨૩ પછી મંડળ દ્વારા રાજ્ય સરકારના વિવિધ વિભાગોની વિવિધ સંવર્ગોની બહાર પાડવામાં આવેલી જગ્યાઓની ભરતી પ્રક્રિયા અંતિમ તબક્કા છે જે બનતી ત્વરાએ એટલે કે બને તેટલું જલ્દી પૂર્ણ કરવામાં આવશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

# વર્ષ ૨૦૧૮-૨૨ દરમ્યાન રાજદ્રોહના ૭૦૧ જ્યારે UAPA હેઠળ ૫૦૨૩ કેસ નોંધાયા : કેન્દ્ર




નવી દિલ્હી, તા.૧૨

કેન્દ્રીય મંત્રી નિત્યાનંદ રાયે લોકસભામાં જણાવ્યું હતું કે, ૨૦૧૮થી ૨૦૨૨ સુધીમાં રાજ્ય સામે અપરાધો અને રાજદ્રોહના ૭૦૧ જેટલા કેસ જ્યારે આતંકવાદ વિરોધી કાયદા ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ ૫૦૨૩ કેસ નોંધાયા હતા. જો કે, રાયે જણાવ્યું હતું કે, રાજ્ય સામે રાજદ્રોહ અને ગુના હેઠળ નોંધાયેલા કેસોની સંખ્યા ૨૦૨૧માં ૧૪૯થી ઘટીને ૨૦૨૨માં ૬૮ થઈ ગઈ છે. તેવી જ રીતે UAPA હેઠળ નોંધાયેલા કેસોમાં સંખ્યા ૨૦૨૧માં ૮૧૪થી વધીને ૨૦૨૨માં ૧૦૦૫ થઈ ગઈ છે, એમ તેમણે એક પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું હતું. મંત્રીએ કહ્યું કે, આ સમયગાળા દરમ્યાન ૭૮૮ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૫૦૦ વિરૂધ્ધ રાજદ્રોહ અને રાજ્ય વિરુદ્ધ ગુનાના કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. જ્યારે કુલ ૧૩૧ લોકોને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, UAPA હેઠળ ૮૯૪૭ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૬૫૦૩ લોકોના નામ ચાર્જશીટમાં દાખલ કરવામાં આવી હતી. કુલ ૫૫૦ લોકોને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા.

# સૂકા લસણની ડિમાન્ડ સામે માત્ર ૪૦ ટકા આવક રહેતા ભાવ આસમાને પહોંચ્યા



સુરત, તા.૧૨

મધ્યપ્રદેશથી આવતા સૂકા લસણની ડિમાન્ડ સામે માત્ર ૪૦ ટકા સપ્લાય રહેતાં ભાવો આસમાને પહોંચ્યા છે. આદુ, લસણની પેસ્ટ વિના ભોજનનો સ્વાદ અધૂરો ગણાય છે. ત્યારે ગયા વર્ષે ખેડૂતોને સૂકા લસણના પોષણક્ષમ ભાવ નહીં મળતાં તેમણે લાખોની ખોટ જતાં આ વર્ષે મોટાપાયે ખેડૂતો લસણની ખેતીથી દૂર રહેતા માર્કેટમાં માલની અછત સર્જાઈ છે. રિટેઈલ માર્કેટમાં સૂકા લસણના ભાવ કિલોએ ૪૦૦થી ૫૦૦ રૂપિયા ચાલી રહ્યા છે. ગયા વર્ષે મધ્યપ્રદેશના ખેડૂતોને લસણનો પોષણક્ષમ ભાવ નહીં મળતાં મોટા પાયે ખેડૂતો ખેતીથી દૂર રહેતાં શોર્ટ સપ્લાયને લીધે ભાવો આસમાને પહોંચી ગયા હતા. જથ્થાબંધ માર્કેટમાં ગત વર્ષે જાન્યુઆરી ફેબ્રુઆરી૨૦૨૩માં ૨૦ કિલો લસણનો ભાવ ૩૦૦થી ૪૦૦ બોલાયો હતો. જે હવે ૨,૫૦૦થી ૩,૦૦૦ થઈ ગયો છે. હોલસેલમાં જ ભાવ ઊંચો ચાલી રહયો છે. એની અસર રિટેઈલ માર્કેટ ઉપર પડી છે. રિટેઈલ માર્કેટમાં સૂકા લસણના ભાવ ખૂબ વધી ગયા હોવાથી લોકો ફ્રોઝનમાં આદુ, લસણની પેસ્ટ અને આદુ લસણ તથા લસણ પાઉડરનો ઉપયોગ કરી રહ્યા છે. સૂકા લસણની કળીઓ કરતાં આ આઈટમોના ભાવો સસ્તા પડતા હોવાથી કરિયાણાની દુકાનોમાં તેનો ઉપાડ વધ્યો છે. નિષ્ણાંતોનું માનવું છે કે આ વર્ષે પ્રમાણમાં ખેતી ઓછી થતાં માલની આવક ઘટી છે. નવું અને કાચું લસણ માર્કેટ યાર્ડમાં ૨૫૦૦થી ૩૦૦૦ રૂપિયે ૨૦ કિલો વેચાઈ રહયુ છે. માલની ડિમાન્ડ સામે સપ્લાય ઓછી છે. લગ્નસરાની સિઝનમાં ડિમાન્ડને લીધે પણ ભાવો વધ્યા છે. માર્ચમાં નવા માલની આવક શરૂ થશે ત્યારે લસણના ભાવો નીચે આવવાની શક્યતા છે. રાજયમાં લસણની સપ્લાય મોટા ભાગે મધ્યપ્રદેશના ઈન્દોર, બડનાવર, મંદસૌર, નીમચ, જાવડા, પીપલિયા જેવા જિલ્લાઓના વિસ્તારોમાંથી થાય છે. ગયા વર્ષે માલનો ભરાવો હોવાથી ૨૦ કિલોનો ભાવ ૩૦૦થી ૪૦૦ રૂપિયા હતો. હવે માલની અછતને લીધે ભાવ ૨૫૦૦થી ૩૦૦૦ ચાલી રહ્યો છે.

# ૨૦૨૭ સુધીમાં ભારતમાં તેલની માંગ વધશે ચીનને પણ પાછળ છોડી દેશે : IEA

## ● ડીઝલ ઈંધણની જરૂરિયાતને કારણે તેલની માંગમાં વધારો થશે, જે ૨૦૩૦ સુધીમાં ભારતની કુલ માંગનો લગભગ અડધો હિસ્સો હશે
## ● અમેરિકા અને ચીન પછી ભારત તેલનો ત્રીજો સૌથી મોટો ઉપભોક્તા છે અને ઈલેક્ટ્રિક વાહનો હોવા છતાં આ માંગ વધશે




(એજન્સી) તા.૧૨

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ ૭ ફેબ્રુઆરીના રોજ જણાવ્યું હતું કે, ભારતની ૨૦૨૭માં વૈશ્વિક તેલની સૌથી મોટી જરૂરિયાત, ચીનને પણ પાછળ છોડી દેશે. વિશ્વની સૌથી ઝડપથી વિકસતિ મુખ્ય અર્થવ્યવસ્થામાં પરિવહન અને ઉદ્યોગનો વપરાશ સ્વચ્છ ઊર્જા અને વિદ્યુતીકરણ માટેના મોટા દબાણ છતાં વૃદ્ધિને વેગ આપશે. પેરિસ સ્થિત એજન્સીએ ગોવામાં ઈન્ડિયા એનર્જી વીકમાં બહાર પાડવામાં આવેલા સ્પેશિયલ ઈન્ડિયન ઓઈલ માર્કેટ આઉટલુક ટુ ૨૦૩૦ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, દેશની તેલની માંગ ૨૦૨૩માં ૫૪.૮૦ લાખ બેરલ પ્રતિ દિવસથી વધીને ૨૦૩૦માં ૬૬.૪૦ લાખ બેરલ થઈ જશે. હાલ ચીનમાં તેલની માંગ સૌથી વધુ છે અને ભારત બીજા ક્રમે છે. રિપોર્ટમાં IEA દ્વારા આપવામાં આવેલા આંકડાઓ ઘરેલું ઉપયોગ તેમજ નિકાસ માટે ઈંધણમાં પ્રોસેસ્ડ ક્રૂડ ઓઈલની વાત છે. ઓઈલ મંત્રાલયના ડેટા મુજબ સ્થાનિક વપરાશ ૫૦ લાખ બેરલ પ્રતિ દિવસ (bpd) છે. IEAના એનર્જી માર્કેટ એન્ડ સિક્યોરિટીના ડાયરેક્ટર કેઈસુકે સદામોરીએ જણાવ્યું હતું કે, 'ગ્રીન એનર્જીના ઝડપી પગલા છતાં ૨૦૩૦ સુધીમાં ભારતની તેલની માંગ ઝડપી ગતિએ વધશે. ભારતનો વિકાસ ૨૦૨૭માં ચીન કરતાં વધી જશે. જો કે, ભારતમાં માંગ હજુ પણ ૨૦૩૦માં પણ સંપૂર્ણ રીતે ચીન કરતાં પાછળ રહેશે. વિકસિત દેશો અને ચીનમાં તેલની માંગ ધીમી હોવાથી ભારત વૃદ્ધિનો સૌથી મોટો સ્ત્રોત બની રહ્યો છે.' આઈઈએના તેલ ઉદ્યોગ અને બજાર વિભાગના વડા ટોરિલ બોસોનીએ જણાવ્યું હતું. ભારત હાલમાં અમેરિકા અને ચીન પછી તેલનો ત્રીજો સૌથી મોટો ગ્રાહક છે. તે તેની તેલની જરૂરિયાતના ૮૫% આયાત કરે છે અને સ્થાનિક ઉત્પાદન ઘટવાથી આ નિર્ભરતા વધવાની સંભાવના છે. તેણીએ જણાવ્યું હતું કે, ડીઝલ ભારતીય નફામાં લગભગ ૫૦% અને ૨૦૩૦ સુધીની વૈશ્વિક માંગ વૃદ્ધિમાં ૨૦% હિસ્સો ધરાવે છે.

**ઇલેક્ટ્રિક વાહન વધ્યા હોવા છતાં તેલની માંગ વધશે :-**

ઈલેક્ટ્રિક વાહનો હોવા છતાં માંગમાં વધારો થયો છે જે હાલમાં રસ્તા ઉપરના ઓટોમોબાઈલનો એક નાનો હિસ્સો છે. ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર્સમાં ઈલેક્ટ્રિક વાહનોનો વધુ વેગ અપનાવવામાં આવશે જ્યારે ફોર-વ્હીલર સેગમેન્ટમાં તેમનો પ્રવેશ લગભગ પાંચ% હશે. 'ઈલેક્ટ્રિક વાહનોના પ્રવેશમાં વધારો, ઊર્જા કાર્યક્ષમતા સુધારણા અને બાયોફ્યુઅલ વૃદ્ધિને કારણે ૫,૦૦,૦૦૦ bpd કરતાં વધુ તેલની માંગ ટાળવામાં આવશે,' તેણીએ જણાવ્યું હતું. આમાંથી લગભગ ૨,૦૦,૦૦૦ bpd ઈલેક્ટ્રિક વાહનો પ્રવેશને કારણે હશે. તેણીએ જણાવ્યું હતું કે, રિફાઇનરીના વિસ્તરણથી ખાતરી થશે કે, ભારત સ્થાનિક જરૂરિયાતોને સંતોષે છે અને એશિયા અને એટલાન્ટિક બેસિનમાં પરિવહન ઈંધણના મુખ્ય નિકાસકાર તરીકે તેની સ્થિતિ જાળવી રાખશે, તેણીએ ઉમેર્યું હતું કે, ભારતીય ઊર્જા કંપનીઓ રિફાઈનરી ક્ષમતાના વધારાના ૧૦ લાખ બેરલ પ્રતિ દિવસનું લક્ષ્ય બનાવી રહી છે. જૈવ ઈંધણ ઉપર IEAએ જણાવ્યું હતું કે, પેટ્રોલમાં ઈથેનોલનું મિશ્રણ વર્તમાન ૧૨%થી વધારીને ૨૦% કરવું એ ફીડસ્ટોકની મર્યાદાઓને જોતાં એક પડકાર બની શકે છે. મોટી શોધોના અભાવે ૨૦૩૦ સુધીમાં સ્થાનિક ઉત્પાદન ઘટીને ૫,૪૦,૦૦૦ bpd ઉપર આવશે, તેણીએ ઉમેર્યું હતું કે, આયાત ૨૦૨૩માં ૪૬ લાખ bpdથી વધીને ૨૦૩૦માં ૫૮ લાખ bpd થશે. ભારત પાસે ૬૬ દિવસની જરૂરિયાત પૂરી કરવા સમકક્ષ તેલનો સ્ટોક છે. આમાં ૭ દિવસની જરૂરિયાતનો સમાવેશ થાય છે જે ભૂગર્ભ વ્યૂહાત્મક અનામતમાં સંગ્રહિત થાય છે અને બાકીના ડેપો અને રિફાઈનરીઓ અને અન્ય સ્થળોએ ટાંકીમાં હોય છે. IEA સભ્ય રાષ્ટ્રો તેમની માંગના ૯૦ દિવસની સમકક્ષ સ્ટોક જાળવી રાખે છે. ભારત IEAનો સહયોગી સભ્ય છે. 'ભારત અત્યારે અને ૨૦૩૦ની વચ્ચે વૈશ્વિક તેલની માંગ વૃદ્ધિનો સૌથી મોટો સ્ત્રોત બનશે, જ્યારે વિકસિત અર્થતંત્રો અને ચીનમાં વૃદ્ધિ શરૂઆતમાં ધીમી પડે છે અને પછીથી અમારા દૃષ્ટિકોણમાં વિપરીત જાય છે', IEAએ જણાવ્યું હતું. 'ભારત લગભગ ૧૨ લાખ bpdનો વધારો પોસ્ટ કરવાના માર્ગ ઉપર છે, જે ૨૦૩૯ સુધીમાં ૬૬ લાખ bpd સુધી પહોંચવાના અંદાજિત ૩૨ લાખ bpd વૈશ્વિક લાભોમાંથી એક તૃતીયાંશ કરતાં વધુ હિસ્સો ધરાવે છે.' જંગી ઔદ્યોગિક વિસ્તરણનો અર્થ એ છે કે, ડીઝલ એ તેલની માંગ વૃદ્ધિનો એકમાત્ર સૌથી મોટો સ્ત્રોત છે, જે દેશની માંગમાં લગભગ અડધો હિસ્સો ધરાવે છે અને કુલ વૈશ્વિક ૨૦૩૦ સુધીમાં તેલની માંગ વૃદ્ધિના છઠ્ઠા ભાગથી વધુ છે. જેટ-કેરોસીનની માંગ મજબૂત રીતે વધવાની તૈયારીમાં છે, સરેરાશ દર વર્ષે લગભગ ૫.૯ ટકાના દરે, પરંતુ અન્ય દેશોની સરખામણીમાં નીચા આધારથી પેટ્રોલ સરેરાશ ૦.૭% વધશે, કારણ કે, ભારતના વાહનોના કાફલાનું વિદ્યુતીકરણ વધુ નોંધપાત્ર વધારો ટાળે છે. ઉત્પાદન સુવિધાઓમાં પેટ્રોકેમિકલ ઉદ્યોગના રોકાણોથી ફીડસ્ટોકની માંગને વેગ મળે છે તેમ એલપીજી વૃદ્ધિના ચિત્રને પૂર્ણ કરે છે. પ્રમાણમાં નાના તેલ ઉત્પાદક તરીકે અને નજીકના ગાળાની વૃદ્ધિની મર્યાદિત સંભાવના સાથે, ભારતનું સ્થાનિક ઉત્પાદન દેશની પુરવઠાની જરૂરિયાતોના માત્ર ૧૩% જેટલું છે. ૨૦૨૩માં સ્થાનિક તેલનું ઉત્પાદન સરેરાશ ૭,૦૦,૦૦૦ bpd હતું. 'વિદેશી અપસ્ટ્રીમ રોકાણને આકર્ષવા માટે સરકાર દ્વારા નવેસરથી પ્રયાસો કરવા છતાં સ્થાનિક ક્રૂડ ઓઇલના ઉત્પાદનમાં મધ્યમ ગાળામાં સતત ઘટાડો થવાની ધારણા છે,' IEAએ જણાવ્યું હતું. **ઊર્જા સુરક્ષા :-**

ભારતની અદભૂત આર્થિક વૃદ્ધિની વાત, તેમ છતાં તેના ઊર્જા પુરવઠાની સુરક્ષા માટે અસંખ્ય પડકારો લાવે છે, IEAએ જણાવ્યું હતું. 'ભારત પહેલેથી જ ૨૦૨૩માં વિશ્વનો બીજો સૌથી મોટો ક્રૂડ ઓઈલ નેટ આયાતકાર હતો, જેણે રિફાઇનરીના વધતા વપરાશને પહોંચી વળવા છેલ્લા એક દાયકામાં આયાતમાં ૩૬%નો વધારો કરીને ૪૬ લાખ bpd કરી દીધો છે. રિફાઇનિંગ પ્રોસેસિંગમાં વધારો થવાથી ભારતની પુરવઠાની સુરક્ષા માટે મુખ્ય અસરો સાથે ૨૦૩૦ સુધીમાં ક્રૂડ ઓઈલની આયાત વધીને ૫૮ લાખ bpd થઈ જશે.' ઊર્જા કટોકટી અને લાંબા અંતરના ક્રૂડ સ્ત્રોતોમાં તાજેતરના ઉછાળા, ખાસ કરીને રશિયાથી પણ બજારના વિક્ષેપોના કિસ્સામાં દેશના તેલની સ્થિતિસ્થાપકતાને ટકાવી રાખવા માટે વધુ પ્રોત્સાહન આપ્યું છે, એમ તેમણે જણાવ્યું હતું.

# ગીર સોમનાથ જીલ્લાના ૯૫૫થી વધુ લાભાર્થીઓનું 'ઘરના ઘર'નું સ્વપ્ન થયું સાકાર : ધારાસભ્ય ભગવાનભાઈ બારડ





(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા.૧૨

વડાપ્રધાનશ્રીના હસ્તે અને મુખ્યમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં વેરાવળમાં ૨૬૮, કોડિનારમાં ૧૩૭, પ્રાંચીમાં ૨૯૬ અને ઉનામાં ૨૫૮ આવાસોના ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન વિકસિત ભારત-વિકસિત ગુજરાત'ની નેમને સાકાર કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠાના ડીસા ખાતેથી રૂ.૨,૯૯૩ કરોડના ખર્ચે ૧,૩૧,૪૫૦થી વધુ આવાસોનું વર્ચ્યુઅલ માધ્યમથી ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ કાર્યક્રમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. ગુજરાતના ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોમાં યોજાયેલા સમાંતર કાર્યક્રમમાં રાજ્યભરમાં આવાસ યોજનાના લાભાર્થીઓ અને તેમના કુટુંબીજનો સાથે નાગરિકો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, કોડિનાર, પ્રાચી અને ઉના ખાતે યોજાયેલ સમાંતર કાર્યક્રમોમાં કુલ ૯૫૯ આવાસોના ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયા હતાં.

આ કાર્યક્રમના ઉપલક્ષમાં પ્રાચી ખાતે ધારાસભ્ય ભગવાનભાઈ બારડની ઉપસ્થિતિમાં કારડિયા રાજપૂત સમાજની વાડી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ના ૨૨૦, પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ના ૭૦, આંબેડકર આવાસ યોજનાના ૬ આવાસો એમ કુલ ૨૯૬ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય ભગવાનભાઈ બારડએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઘરવિહોણા પરીવારોને ઘરનું ઘર મળે અને લોકવિકાસની યોજનાઓથી દેશના લોકોનો વિકાસ થાય તે દિશામાં કાર્ય કરવામાં આવી રહ્યું છે. જ્યારે ઉપ પ્રમુખ રાજવીર સિંહઝાલા એ જણાવ્યું હતુ કે વંચિત અને છેવાડાના માણસોને સ્પર્શતી કેન્દ્ર અને રાજ્ય સરકારની 'ઉજ્જવલા યોજના', 'વિધવા સહાય યોજના', 'આયુષ્માન યોજના', 'પ્રધાનમંત્રી અન્ન યોજના' વગેરે કલ્યાણકારી યોજના વિશે ઉપસ્થિત લોકોને માહિતગાર કર્યા હતાં અને તમામ યોજનાઓનો નાગરિકો વધુમાં વધુ યોજનાઓનો લાભ લે એવી અપીલ કરી હતી.

આ તકે લાભાર્થીઓ આવાસ યોજનાનો સુખદ્ અનુભવ વર્ણવતા પોતાનો પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંવાદ સહિતના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ એલ.ઈ.ડી. સ્ક્રિન ઉપર પ્રધાનમંત્રીશ્રીનું જીવંત પ્રસારણ અને મોરબી, વાપી, રાજકોટ સહિતના લાભાર્થીઓ સાથેનો સંવાદ કાર્યક્રમ નિહાળ્યો હતો.

આ તકે, મતદાન અવશ્ય કરવાની અપીલ કરતી અવસર ડોક્યુમેન્ટરી, ઈવીએમ ડેમોન્સ્ટ્રેશન, તેમજ આવાસ યોજનાના લાભાર્થીઓનો પ્રતિભાવ રજૂ કરતી ડોક્યુમેન્ટ્રી, ક્વીઝ અને ગુજરાતની વિકાસગાથા આલેખતી અને સરકારની લોકકલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી આપતી વીડિયો ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી.

પ્રાચી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સુત્રાપાડા નગરપાલિકા પ્રમુખ તેમજ ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપભાઈ બારડ, જિલ્લા પ્રમુખ મંજુલાબેન મુશાળ, ઉપપ્રમુખ રાજવીર સિંહ ઝાલા, જિલ્લા ભાજપ મહામંત્રી દિલીપભાઈ બારડ, બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ વાજા, ન્યાય સમિતિના ચેરમેન અરશીભાઈ ચાવડા, જિલ્લા ભાજપ મંત્રી બહાદુરસિંહ ગોહિલ, જિલ્લા પંચાયત સદસ્ય જાદવભાઈ ભોળા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ગણાત્રા, સુત્રાપાડા મામલતદાર તાલાલા મામલતદાર બિંદુબેન કુંબાવત, તાલાલા તાલુકા ભાજપ પ્રમુખ સહિત તાલાલા અને સુત્રાપાડા તાલુકા ના વિવિધ વિભાગના અધિકારીઓ અને આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

**પ્રધાનમંત્રી આવાસ યોજના એ અમને જર્જરિત મકાનમાંથી બહાર નીકળ્યા**

આ કાર્યક્રમમાં સ્ટેજ પરથી લાભાર્થીઓએ આવાસ યોજના અંગે પોતાના સુખદ અનુભવ જણાવ્યા હતાં. જેમાંથી સુત્રાપાડા તાલુકાના ઈલિયાસભાઈ પઠાણે પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, અમારું મકાન ખૂબ જ જર્જરિત હાલતમાં હતું. મકાન બનાવી શકીએ એટલી આર્થિક પરિસ્થિતિ પણ ન હતી. ત્યારબાદ અમને ગ્રામ પંચાયતના તલાટી અને ગ્રામ સેવક દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાની માહિતી મળી અને કોઈ પણ મુશ્કેલી વિના સરકાર તરફથી પાક્કું મકાન બનાવવા માટે ૧.૨૦ લાખની સહાય મળી તેમજ મનરેગા સ્કીમ અંતર્ગત બીજા ૨૧ હજાર આપવામાં આવ્યા. આમ મને કુલ ૧.૪૧ લાખની સહાયથી મારા સપનાનું ઘરનું ઘર મળ્યું. આમ કહી તેમણે સરકાર અને વહીવટીતંત્રના ઉત્તમ સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, રાજયના છેવાડાના નાગરિકોને પાકા મકાનની ઘરના ઘરરૂપી છત મળે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આજે રાજયભરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ૧,૩૧,૪૫૪ લાખ આવાસોનુ ઈ- લોકાર્પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. જેનાથી રાજયના અનેક લોકોનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે

# દ્વારકામાં ધારાસભ્ય પબુભા માણેકની અધ્યક્ષતામાં આવાસોના ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

## ૮૨-દ્વારકા વિધાનસભા ક્ષેત્રમાં ૨૦૦ કરતા વધારે લાભાર્થીઓનું મળ્યું પોતાના સ્વપ્નનું ઘર





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૨

'વિકસિત ભારત-વિકસિત ગુજરાત'ની નેમને સાકાર કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠાના ડીસા ખાતેથી રૂા.૨,૯૯૩ કરોડના ખર્ચે ૧,૩૧,૪૫૦થી વધુ આવાસોનું વર્ચ્યુઅલ માધ્યમથી ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ કાર્યક્રમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. ગુજરાતના ૧૮૨ વિધાનસભા ક્ષેત્રોમાં યોજાયેલા સમાંતર કાર્યક્રમમાં રાજ્યભરમાં આવાસ યોજનાના લાભાર્થીઓ અને તેમના કુટુંબીજનો સાથે નાગરિકો મોટી સંખ્યામાં સહભાગી થયા હતા.

જે અંતર્ગત દ્વારકા વિધાનસભા ક્ષેત્રનો કાર્યક્રમ ધારાસભ્ય પબુભા માણેકની અધ્યક્ષતામાં સનાતન સેવા મંડળ દ્વારકા ખાતે યોજાયો હતો. જેમાં ૮૨ દ્વારકા વિધાનસભા ક્ષેત્રના ૨૦૦ કરતા વધારે આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય પબુભા માણેકે જણાવ્યું હતું કે, નાગરિકોની સુખાકારીમાં વધારો થાય તેમજ ગરીબ અને વંચિતોને પોતાના સ્વપ્નનું ઘર મળે તે માટે દીર્ઘદષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અનેક જનકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. વડાપ્રધાનશ્રીની કંડારેલી વિકાસની કેડી પર મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં પ્રતિબદ્ધતા સાથે જનહિતલક્ષી યોજનાઓનો લાભ પહોંચાડી રહી છે. વધુમાં ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આજરોજ વિકસિત ભારત વિકસિત ગુજરાતના સંકલ્પને આગળ ધપાવતા આપણા વિસ્તારના અનેક નાગરિકોને પોતાના સ્વપ્નનું ઘર મળ્યું છે. જેના થકી નાગરિકોમાં જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. રાજ્યમાં મહિલાઓ, યુવાઓ, ખેડૂતો સહિત તમામ નાગરિકોના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રજા કલ્યાણની યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે.

વધુમાં ધારાસભ્ય જણાવ્યું હતું કે, ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે. પ્રવાસન ક્ષેત્રના વિકાસથી રાજ્ય તેમજ સ્થાનિક ક્ષેત્રે આર્થિક પ્રગતિના દ્વાર ખુલ્યા છે. ભગવાન કૃષ્ણની પાવન ભૂમિ દ્વારકામાં અનેક વિકાસના કામો થવાથી પ્રવાસીઓ સંખ્યામાં અનેકગણો ઉછાળો આવ્યો છે. જેના થકી સ્થાનિક રોજગારીમાં વધારો થયો છે તેમજ ગરીબ તથા માધ્યમ પરિવારોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો છે. અહીંયા ઉપસ્થિત સૌને મારો અનુરોધ છે કે સરકારની કલ્યાણકારી યોજનાઓ લાભ મેળવો તેમજ અન્યને પણ લાભ લેવા માટે પ્રેરિત કરો.

આ તકે લાભાર્થીઓ ચૌહાણ રમેશભાઈ, કપિલ મોદી આવાસ યોજનાનો સુખદ્ અનુભવ વર્ણવતા પોતાનો પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંવાદ સહિતના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ લોકોએ એલ.ઈ.ડી. સ્ક્રિન પર પ્રધાનમંત્રીનું જીવંત પ્રસારણ અને મોરબી, વાપી, રાજકોટ સહિતના લાભાર્થીઓ સાથેનો સંવાદ કાર્યક્રમ નિહાળ્યો હતો. મહાનુભાવો હસ્તે આવાસ યોજનાના લાભાર્થીઓને પ્રતીકાત્મક ચાવીઓ આપવામાં આવી હતી. તેમજ આવાસ યોજનાના લાભાર્થીઓનો પ્રતિભાવ રજૂ કરતી ડોક્યુમેન્ટ્રી, ક્વીઝ અને ગુજરાતની વિકાસગાથા આલેખતી અને સરકારની લોકકલ્યાણલક્ષી યોજનાઓની જાણકારી આપતી વીડિયો ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી.

આ તકે જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી.ધાનાણી, જિલ્લા પંચાયતના સદસ્યો લુણાભા સુમણીયા, જે.કે.હાથિયા, જગાભાઈ ચાવડા, નથુભાઈ ચાવડા, અગ્રણી દ્વારકાદાસ રાયચુરા, ખેરાજભા કેર, શ્રદ્ધા ઝા, યુવરાજસિંહ વાઢેર, વિજયભાઈ બુજડ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર શહેરની શાળાનાં છાત્રોએ ગાંધીનગર ખાતે ચાલુ વિધાનસભાની મુલાકાત લીધી



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૨

કોડીનારની રાજદીપ શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે ગાંધીનગર ખાતે લોકશાહીના મંદિર વિધાનસભાની મુલાકાત લીધેલી. જેમાં ૫૦ છાત્રો તેમજ ૭ શિક્ષકો જોડાયા હતા. વિદ્યાર્થીઓ વિધાનસભામાં ચાલુ સત્રમાં બેસી અને ત્યાં મંત્રીઓ અને ધારાસભ્યો દ્વારા થતા પ્રશ્નો અને જવાબો અંગે માહિતી મેળવી હતી. બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા, આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ધારાસભ્ય પદ્યુમનભાઈ વાજા સાથે મુલાકાત કરી હતી. અને વિધાનસભામાં થતા કાર્યો અને ફરજો વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. શાળાનાં ટ્રસ્ટી પૃથ્વીરાજસિંહ બારડ, સુરભી બારડ, સન્ની સોલંકી, નિયતી મોરી, સોનલ જાડેજા સહિત જોડાયા હતા.

# કોડીનાર ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું ઈ -લોકાર્પણ યોજાયું





(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠક પર વર્ચ્યુલ ઉપસ્થિત રહીને ૨૯૯૩ કરોડ રૂપિયાનાં ખર્ચે ૧,૩૧,૪૪૫ આવાસનું ઈ-લોકાર્પણ કર્યુ."પ્રધાનમંત્રી આવાસ યોજના" અંતર્ગત સેંકડો પરિવારોને ગૃહ પ્રવેશ કરાવ્યો. ગીર સોમનાથનાં કોડીનાર ખાતે પણ વિશાળ કાર્યક્રમ યોજાયો. ગીર સોમનાથનાં કોડીનારના એપીએમ સી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાનું ઈ-લોકાર્પણ યોજાયું હતું. જેમાં પ્રધાન મંત્રી વર્ચ્યુલ રીતે જોડાયા હતા. હજારો લોકોની હાજરી વચ્ચે લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકા મકાનની ચાવી સોંપવામાં આવી હતી. કોડીનાર તાલુકાના ૧૦૦ જેટલા લાભાર્થીઓને ઘરનું પાક્કું ઘર મળતા ભાવવિભોર બની ગયા હતા.લાભાર્થી ઓનું વર્ષો જૂનું સ્વપ્ન સાકાર થયું હતું. પ્રધાનમંત્રીનું સ્વપ્ન છે કે, '૨૦૪૭ સુધીમાં ત્યારે જ ભારત વિકસિત રાષ્ટ્ર થશે જ્યારે દેશના છેવાડાના માનવીને ઘરનું ઘર હોય અને ભોજન માટે રોટલો મળી રહે.' જે આજે સાકાર થતું જોવા મળી રહ્યું હતું. લાભાર્થીઓએ કેન્દ્ર સરકાર અને પ્રધાનમંત્રીનો આભાર માન્યો હતો. હજુપણ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નવા પાકા મકાનો બનવાનું શરૂ છે. જેનું ખાતમુહૂર્ત પણ યોજાયું હતું. આજે કોડીનાર ખાતે યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં ડો.પ્રદ્યુમન વાજા,તાલુકા ભાજપ પ્રમુખ ભગુભાઈ પરમાર,યુનિયન બેંક ચેરમેન પી.એસ.ડોડીયા,નગર પલિકા પૂર્વપ્રમુખ શિવાભાઈ સોલંકી, ખ.વે.સંઘ પ્રમુખ દિલીપભાઈ મોરી, યાર્ડ ચેરમેન સુભાષભાઈ ડોડીયા, હજારો લોકો,સેંકડો લાભાર્થીઓ અને અગ્રણીઓ જોડાયા હતા.

# માણાવદર વિધાનસભા બેઠકનો કાર્યક્રમ વંથલી એપીએમસી ખાતે જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ હુંમરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો



જૂનાગઢ, તા.૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીએ રાજ્યભરના જુદી જુદી આવાસ યોજનાના લાભાર્થીઓના ઘરના ઘરનું ઈ - લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવાની સાથે માણાવદર વિધાનસભા બેઠકના ૨૬૦ આવાસોનું પણ આ સાથે લોકાર્પણ થયું હતું.

બનાસકાંઠાના ડીસા ખાતે રાજયભરના ૧,૩૧,૪૫૪ આવાસોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ દિલ્હી ખાતેથી વર્ચ્યુઅલી લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યુ હતું.

એપીએમસી-વંથલી ખાતે માણાવદર વિધાનસભા બેઠકના કાર્યક્રમમાં સંબોધન કરતા જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ હુંમરે જણાવ્યું કે, આજે લોકોને ઘર આંગણે કેન્દ્ર રાજ્ય સરકારની યોજનાઓ અને સેવાઓનો લાભ મળી રહ્યો છે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી છેવાડાના લોકોને વિવિધ યોજનાઓ અને સેવાઓના લાભથી વંચિત ન રહે તે માટે ગામેગામ વિકસિત ભારતના રથ દ્વારા લાભો પહોંચાડવામાં આવ્યાછે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા અને અને જન સુખાકારી વધે તે માટે અગાથ પરિશ્રમ કરી રહ્યા છે. તેમણે કહ્યુ કે, આજે કેન્દ્ર-રાજ્ય સરકાર વિકાસના કામોનું ખાતમુહૂર્ત કરવાની સાથે લોકાર્પણ પણ કરી રહી છે.

સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટરીયાએ પ્રાસંગિક સંબોધન કરતા કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ યોજનાઓથી લોક જીવનમાં આવેલા પરિવર્તન વિશે જાણકારી આપી હતી.

આ પ્રસંગે આવાસ યોજનાના લાભાર્થીઓએ પાકુ આવાસ બન્યાનો રાજીપો વ્યક્ત કરતા કેન્દ્ર રાજય સરકારનું આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે આવાસ યોજનાના ૫ લાભાર્થીઓને પ્રતિકાત્મક રૂપે આવાસની ચાવી અર્પણ કરવામાં પણ આવી હતી. આ પ્રંસગે તાલુકા વિકાસ અધિકારી સ્વાગત પ્રવચન શ્રી હિતેષ વાઘેલા અને આભારવિધિ મામલતદાર શ્રી ડી.જે. જાડેજાએ કરી હતી. ઉપપ્રમુખશ્રી મુકેશભાઈ કણસાગરા, તાલુકા પંચાયત પ્રમુખશ્રી શ્રીમતિ હર્ષાબેન અતુલભાઈ કોટડીયા, માણાવદર તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ વૃજલાલ ઝાલાવાડિયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક પી. એ. જાડેજા, પ્રાંત અધિકારી કનકસિંહ ગોહેલ, જિલ્લા ભાજપ પ્રભારી દિલીપભાઈ પટેલ, માર્કેટિંગ યાર્ડ ચેરમેન ભાવેશભાઈ મેનપરા, વંથલી તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન રમેશભાઈ ડાંગર, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પવાર, તાલુકા વિકાસ અધિકારી, મામલતદાર ભાજપના શહેર અને ગ્રામ્યના હોદ્દેદારો અને મોટી સંખ્યમાં માણાવદર વિધાનસભા બેઠકના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# દિપાંજલીમાં મહાશિવપુરાણની કથાનું સમાપન




જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢનાં ટીંબાવાડી દિપાંજલી-રમાં ઓમકારેશ્વર મહાદેવ મંદિર-રૂદ્ર હનુમાનજી મંદિર ખાતે તા. ૩ ફેબ્રુ.થી ૧૧ ફેબ્રુ. સુધષી મહાશિવપુરાણનું દિપાંજલી-૨, ગરબી ચોકમાં આયોજન કરવામાં આવેલ હતું. આ શિવપુરાણમાં મહાદેવગીરી બાપુ માધવપુર ઘેડવાળાએ વ્યાસપીઠ પરથી શિવ પુરાણનું રસપાન કરાવ્યું હતું. અને મુખ્ય યજમાન પદે શૈલેન્દ્રસિંહ વાઘેલા હતાં. આ શિવપુરાણ દરમ્યાન લીંગ પ્રાગટય, શિવરાત્રી મહોત્સવ, સતી પ્રાગટય કથા, કક્ષ યજ્ઞ ઉધ્ધાર, માં પાર્વતી જન્મ, શિવ વિવાહ, ગણેશ કાર્તિકેય જન્મ કથા, જયોતિલીંગ કથા, ભગવાન શિવની લીલા, ભકતોની પરીક્ષા જેવા પ્રસં મહાદેવગીરી બાપુએ પોતાનાં કંઠે પીરસ્યા હતાં. આ કથાનો બહોળી સંખ્યામાં ભકતોએ લાભ લીધો હતો. અને મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ હતું. આ તકે મહાદેવગીરી બાપુ અને શૈલેન્દ્રસિંહ વાઘેલાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું. આ ભગીરથ કાર્યને સફળ બનાવવા ઓમકારેશ્વર મહાદેવ મંદિર, રૂદ્ર હનુમાનજી મંદિરનાં સંયુકત કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

(તસ્વીર : જયેશ મહેતા)

# બિલખાના યુવા અગ્રણી કિશનભાઈ રીબડીયા દ્વારા ધારાસભ્ય ફતેહસિંહ સામે બિલખા પોલીસમાં ફરીયાદ

## પોલીસ ફરીયાદ નહી લે તો કોર્ટ દ્વારા ફરીયાદ થશે



(સુલતાન ચૌહાણ દ્વારા)

બિલખા તા.૧૨

તાજેતરમાં ફલોલના ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણે જાહેરમાં સંત શિરોમણી પૂ.જલારામબાપા વિષે અપમાનજનક ટીપ્પણી કરી હતી જેને લઈને સમગ્ર ગુજરાતમાં સનાતની હિન્દુઓમાં રોષની લાગણી જોવા મળે છે. જેના અનુસંધાને બિલખાના અગ્રણી કિશનભાઈ રીબડીયાએ બિલખા પોલીસ સ્ટેશનમાં ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણ વિરૂધ્ધ ગુન્હો નોંધી એફઆરઆઈ દાખલ કરવા અરજી આપેલ છે. જો પોલીસ દ્વારા એફઆરઆઈ કરવામાં નહી આવે તો કોર્ટ દ્વારા ફતેહસિંહ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે બિલખાના લોહાણા સમાજ દ્વારા પણ ગત તા.૯/૨/૨૪ના રોજ આ ધારાસભ્ય ફતેહસિંહ વિરૂધ્ધ પૂ.જલારામબાપા વિષે અપમાનજનક ટીપ્પણી કરવાની અને સનાતન હિન્દુઓની લાગણીને ઠેસ પહોંચાડવાની કલમ હેઠળ ગૂન્હો નોંધવાની અરજી આપેલ હતી. પરંતુ જાણવા મળતી વિગત પ્રમાણે બિલખા પોલીસ દ્વારા આ દિશામાં કોઈ નકકર કાર્યવાહી કરેલ નથી અને આવી ખરાબ ભાષાનો પ્રયોગ કરનાર શખ્સ એક સતાધારીપક્ષનો ધારાસભ્ય હોવાને લીધે ગુન્હો નોંધવાની કોઈ તજવીજ કરેલ નથી.

બિલખામાં અનેક સનાતની હિન્દુઓ દ્વારા આ ધારાસભ્ય સામે ફરીયાદ કરવામાં આવશે અને જો પોલીસ ફરીયાદ નહી નોંધે તો કોર્ટ દ્વારા ફરીયાદ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

# કોડીનારમાં એસઓજીના બે પોલીસ જવાન ઉપર હુમલો : ૧૦માંથી મહિલા સહિત ૭ આરોપી પકડાયા




(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૧૨

કોડીનારમાં એસ.ઓ.જી ની રેડ દરમિયાન હુમલો થતા બંને પોલીસ કર્મીને ઈજા પહોંચી હતી.ગીર સોમનાથ એસ.ઓ.જી ના મેહુલસિંહ પ્રતાપસિંહ પરમાર તથા ગોપાલસિંહ ને બાતમી મળી હતી કે કોડીનાર જંગલેશ્વર આગળ વાડીમાં હથિયારો છે હાલ ગીર સોમનાથ એસ.ઓ.જી ગેરકાયદેસર હથિયારોની તપાસમાં હોય એટલે પોતાની કાર લઈને બંને તપાસમાં ગયા ત્યારે આ વાડીમાં ૬ થી ૭ ઈસમો ખાવાની પાર્ટી મનાવતા હતા ઓચિંતા રેડ આવતા બધા એક સંપ કરી બંને જવાનો ઉપર લાકડા પાઈપ છરી વડે હુમલો કરતા મેહુલસિંહ પરમારને માથા ના ભાગે તથા ગોપાલસિંહને ઈજા પહોંચતા પોલીસનો કાફલો ત્યાં આવી પહોંચ્યો હતો અને બંનેને સારવાર માટે રા.ના.વાળા હોસ્પિટલ ખાતે સારવારમાં મોકલવામાં આવ્યા બીજી તરફ પોલીસ મેહુલસિંહ પરમાર ની ફરિયાદ આધારે પોલીસે રાઉન્ડ અપ કરી અને ૧૦ પૈકી ૭ ની ધરપકડ કરી હતી જયારે ૩ આરોપીઓ હજુ ફરાર છે અને મેહુલસિંહ પી પરમારે સંજયભાઈ ભગવાનભાઈ ચૌહાણ,કેતનભાઈ મકવાણા, રાકેશ સોલંકી, સિદ્ધાર્થ મેર, દિવાળીબેન ચૌહાણ, દર્શનાબેન ચૌહાણ, ભાવનાબેન ચૌહાણ, રેખાબેન ધીરુભાઈ,લાલજી સરમણભાઈ અને એક અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી જેથી ૭ પકડાયા હતા અને ૩ ફરાર છે વધુ તપાસ પી.એસ.આઇ પી.એમ.ચાવડા ચલાવી રહ્યા છે.

# જૂનાગઢ : અગાઉનાં મનદુઃખે સમાધાન કરવા બોલાવતા માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

મોતીબાગ પાસે આવેલ સુરજ ફન વર્લ્ડની પાછળ ગ્રાઉન્ડમાં યશભાઈ સુરેશભાઈ મકવાણા (ઉ.વ. ૧૭)એ સાહીલ વાઘેલા, મંથન વાઘેલા, સાહિલ વાઘેલાનાં પિતા (રહે. હાઉસીંગ બોર્ડ) સામે ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે આ કામના આરોપી નં. ૧ સાથે આ કામનાં ફરીયાદીને અગાઉ માથાકુટ થયેલ હોય જે વાતનું મનદુઃખ રાખી ફરીયાદીને સમાધાન કરવું છે તેમ કહી જૂનાગઢ સુરજ ફન વર્લ્ડની પાછળના મેદાનમાં બોલાવી આરોપી નં. ૧ તથા ૨નાએ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલી હડધૂત કરી આરોપી નં. ૨નાએ ફરીયાદીને પકડી રાખી આરોપી નં. ૧નાએ ફરીયાદીને છુટા પથ્થરોનાં ઘા મારી તથા આરોપી નં. ૩એ ફરીયાદીને લાકડી વડે કમરના તથા બેઠકનાં ભાગે માર માર્યાની સી ડીવીઝન પોલીસમાં ફરીયાદ નોંધાવતાં વધુ તપાસ એસએસટી સેલનાં નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલીયા ચલાવી રહયા છે.

**જૂનાગઢ : પેસેન્જર ભરવા બાબતે માર માર્યો**

જૂનાગઢનાં ગાંધીચોક ખાતે રાજુભાઈ રામસીંગભાઈ દેગા માડીયા (ઉ.વ. ૨૪)એ સલીમભાઈ નરેજા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા જણાવેલ છે કે આ કામના ફરીયાદી પોતાની ટ્રાવેલ્સમાં પેસેન્જર ભરતા હતા તે દરમ્યાન આ ગુનાનો આરોપી સ્વીફટ ગાડીમાં આવીને ફરીયાદીને પાઈપ વડે માથામાં પાછળનાં ભાગે તથા જમણા હાથમાં તથા આંગળીમાં ઘા મારી ઈજા કરી ફ્રેકચર કર્યાની બી ડીવીઝનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢ BAPS સ્વામિનારાયણ વિદ્યામંદિરનો વાર્ષિકોત્સવ ઉજવાયો






જૂનાગઢ તા.૧૨

**BAPS** સ્વામિનારાયણ વિદ્યામંદિર, જૂનાગઢ દ્વારા તારીખ ૧૦/૦૨/૨૦૨૪, શનિવારના રોજ અક્ષર મંદિરના વિશાળ સભાગૃહમાં વાર્ષિકોત્સવ ૨૦૨૩/૨૪ ઉજવવામાં આવેલ હતો. જેમાં વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓને ખીલવતા આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન પૂજ્ય સંતો તેમજ ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ પુનિતભાઈ શર્મા, ઈન્ચાર્જ જીલ્લા શિક્ષણ અધિકારી જલ્પાબેન કયાડા, એજયુકેશનલ ઈન્સ્પેકટર ડીઈઓ મનિષાબેન હિંગરાજિયા વગેરે મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરીને કર્યું હતું .ત્યારબાદ **'BAPS** વિદ્યામંદિર - જીવન ઘડતરની પાઠશાળા' એ વિષય અંતર્ગત વિદ્યામંદિરના ધોરણ ૧થી ૧૨ના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ શિક્ષણ, સંસ્કાર, સ્વાસ્થ્ય, દેશભક્તિ અને સંસ્કૃતિ વિષયક વિવિધ ૧૮ જેટલી ભવ્ય કૃતિઓ પ્રેક્ષકો સમક્ષ રજૂ કરી. અત્યંત પ્રેરણાદાયી અને રંગારંગ આ કૃતિઓ નિહાળી ઉપસ્થિત ૩,૦૦૦ થી વધુ વાલીશ્રીઓ મંત્રમુગ્ધ થયા હતા.

કાર્યક્રમના અંતે **BAPS** સંસ્થાના વડીલ સંત પૂજ્ય જનમંગલ સ્વામીએ આશિર્વચનનો લાભ આપ્યો. અક્ષર મંદિરના વિશાળ સભાગૃહના પ્રવેશ દ્વાર પાસે કરવામાં આવેલું વિશિષ્ટ ડેકોરેશન પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ રીતે **BAPS** સ્વામિનારાયણ વિદ્યામંદિર, જૂનાગઢના નાના નાના ભૂલકાઓ દ્વારા થયેલી રસપ્રદ રજૂઆતો દ્વારા ભારતીય અસ્મિતા અને સંસ્કૃતિનો સંદેશો દ્રઢ કરી અને ભોજન પ્રસાદ લઈ સૌ વિદાય થયા હતા.

# જૂનાગઢ જૂનાગઢમાં મેર સમાજ દ્વારા લંડનના બ્રહ્માકુમારી મણીબેન મોઢવાડિયાનું સન્માન કરાયું





જૂનાગઢ તા.૧૨

લર્ડન સ્થિત બ્રહ્માકુમારી મણીબેન મોઢવાડિયાનું સમસ્ત મહેર સમાજ જુનાગઢ દ્વારા સન્માન સ્વાગત કાર્યક્રમ જૂનાગઢમાં યોજાયો હતો. ખમીરવંતી અને ગૌરવવંતી મહેલ સમાજ સમાજના તમામ ક્ષેત્રે મહત્વનું યોગદાન કરેલ છે ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિક ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં જ્યોત જગાડનાર અને ભારતીય સંસ્કૃતિનો ઝંડો લહેરાવી સમગ્ર વિશ્વ માં સમાજનું મસ્તક ગર્વથી ઊંચું કરેલ છે એવા તપસ્વી રાજયોગી બ્રહ્માકુમારી મણીબેન મોઢવાડિયા જે હાલ લંડન રહે છે અને છેલ્લા ૫૦ વર્ષથી પોતાનું જીવન બ્રહ્માકુમારી વિદ્યાલય માં સમર્પિત કરી સમગ્ર વિશ્વમાં ભારતીય સંસ્કૃતિની ઉજાગર કરેલ છે ત્યારે મહેર સમાજ જુનાગઢ દ્વારા મહેર સમાજના પ્રમુખ પુંજાભાઈ સુત્રેજા, મહેર સમાજ અગ્રણી મહિલા લાખીબેન સવદાસભાઈ જાડેજા અને મહેર સમાજ અગ્રણીઓ અને સ્થાનિક સેવા કેન્દ્રના બ્રહ્માકુમારી બીનાબેન દ્વારા તેમનું વિશેષ સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ હતા. આપણી અંદર ખૂબ જ આંતરિક શક્તિઓ પડેલી છે એ જાગૃત થશે આધ્યાત્મિકતા અને રાજ્યોગ આપણે ગમે તેટલા આપણા લોકીક કારોબાર ઘરકામમાં વ્યસ્ત હોઈએ તો પણ આપણે સ્વન્નતિ માટે રોજ થોડો સમય અવશ્ય કાઢવો જોઈએ અને આ થોડો સ્વઉન્નતિ માટે કાઢેલો સમય અનેક વ્યર્થ બાબતો અને પરિસ્થિતિઓમાંથી આપણને બચાવશે ઉપરોક્ત બાબતો ની પ્રેરણા બ્રહ્માકુમારી મણીબેને ખૂબ જ સરળ મૃદુ અને નમ્ર ભાષામાં આપી ઉપસ્થિત વિશાળ જનમેદની ને મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જીવાભાઈ ઓડેદરાએ કર્યું હતું. મહેશ સમાજ વતી સવદાસભાઈ જાડેજા આવા સુંદર આધ્યાત્મિક કાર્યક્રમ માટે બ્રહ્માકુમારી પરિવાર અને મહેર સમાજના કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

# દ્વારકા અને કલ્યાણપુર તાલુકામાં કોંગ્રેસ દ્વારા જન અધિકાર સંવાદ કાર્યક્રમ યોજાયો



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

દેવભૂમિ દ્વારકા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રમુખ શક્તિસિંહ ગોહિલની સૂચના મુજબ જન અધિકાર સંવાદ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રજાના પ્રાણ પ્રશ્નો અંગે અને પક્ષના સંગઠનને મજબૂત કરવા અંગે સવિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ આયોજનમાં લોકસભા કો-ઓર્ડીનેટર સામતભાઈ ઓડેદરા જીલ્લા કોંગ્રેસ પ્રમુખ યાસીનભાઈ ગજ્જન, ગુજરાત કિસાન સેલના ચેરમેન પાલભાઈ આંબલીયા, પ્રદેશ મહામંત્રી જસવંતસિંહ ભટી દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કમાભા માણેક, કાદરબાપુ શેખ, કમલેશભાઈ રોશિયા, વિજયભાઈ જોશી, સાથે મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ જ પ્રકારે કલ્યાણપુર તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતી દ્વારા યોજવામાં આવેલા જન અધિકાર સંવાદ કાર્યક્રમમાં લોકસભાના કો-ઓર્ડીનેટર સામતભાઈ ઓડેદરા અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યાસીનભાઈ ગજ્જન વિગેરે દ્વારા સ્થાનિક આગેવાનો અરજણભાઈ કણઝારીયા, વિક્રમભાઈ કંડોરીયા, અરવિંદભાઈ આંબલીયા, રાજાભાઈ પોસ્તરીયા, કે.વી. ચાવડા, વિગેરેને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# કેશોદના પીઆઈ કોળીની બદલી થતાં માનભેર વિદાય અપાયું



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૧૨

કેશોદ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સપેકટર તરીકે લાબા સમયથી ફરજ બજાવતા બી. બી. કોળીની જુનાગઢ ખાતે બદલી થતાં પોલીસ સ્ટાફ દ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરજ દરમ્યાન ગંભીર ગુનાઓમા ગણતરીના કલાકોમાં ઉકેલ લાવી પોતાના મા રહેલી સુઝબુઝથી જબ્બર ચાહક વર્ગ ઉભો કર્યો હતો. રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સુત્ર પોલીસ પ્રજાનો મિત્ર આ સુત્ર ને સાર્થક કર્યુ હતું. કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી. સી. ઠક્કરની અધ્યક્ષતામાં યોજાયેલા વિદાય સમારંભમા પોલીસ કર્મચારીઓ ઉપરાંત શહેરના રાજકીય પદાધિકારીઓ અને આગેવાનો સહિત વિવિધ સંસ્થાઓના હોદેદારો ઉપસ્થિત રહ્યાં હતાં. કેશોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર બી. બી. કોળી સાથે વિતાવેલ સ્મરણો યાદ કર્યા હતા. કેશોદ પોલીસ સ્ટેશનના કર્મચારીઓ અને નગરશ્રેષ્ઠીઓ દ્વારા પોલીસ ઈન્સપેકટર બી. બી. કોળી ને પુષ્પગુચ્છ સાથે સ્મૃતિ ભેટ અર્પણ કરી હતી. કેશોદ શહેરમાં સામાજિક ધાર્મિક કાર્યક્રમોમા ઉપસ્થિત રહી પ્રજા અને પોલીસ વચ્ચેનું અંતર ઘટાડી કાયદો અને વ્યવસ્થાની જાળવણી દંડો ઉગામ્યા વગર સુલેહ શાંતિ થી કરી હતી. કેશોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધાર્મિક તહેવારો શાંતિપૂર્ણ માહોલમાં ઉજવવામાં આવે એ માટે કાયમી આયોજકો સાથે સંપર્કમાં રહી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરતા પોલીસ ઈન્સપેકટર બી. બી. કોળીની જુનાગઢ ખાતે બદલી થતાં તેઓને ખુલ્લી જીપમાં બેસાડી ડીજેના તાલે શહેરના મુખ્ય માર્ગો પર ફેરવવામાં આવતાં શહેરીજનોએ પણ બે હાથ હલાવી ભાવપૂર્વક વિદાય આપી હતી. કેશોદ પોલીસ સ્ટેશનમાં નવનિયુક્ત પોલીસ ઈન્સપેકટર અનિરુદ્ધસિંહ ગોહિલ ની ધોરાજી થી કેશોદ ખાતે બદલી થતાં તેઓને પણ આવકારવામાં આવ્યાં હતાં. કેશોદ પોલીસ સ્ટેશનમાં લાબા સમય સુધી ફરજ બજાવનાર પોલીસ ઈન્સપેકટર બી. બી. કોળી કેશોદની કાયમી યાદ સાથે લઈને વિદાય થયા છે ત્યારે કેશોદ વાસીઓ ને પણ ડગલેને પગલે યાદ આવશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

# બાંટવામાં મોટર સાયકલની ટાંકીમાં આગ લાગતાં એકનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ તાલુકાનાં બાંટવા બસ સ્ટેશન પાસે મહાદેવ ગેરેજ ધરાવતા અરજણભાઈ ફટાણીયા (ઉ.વ. ૭૬) પોતાના ગેરેજ ખાતે મોટર સાયકલની ટાંકી ખોલીને રીપેર કરતા હોય ત્યારે અચાનક આગ લાગતા બંને પગે દાઝી જતાં સારવાર દરમ્યાન મૃત્યું પામ્યાની શારદાબેન અરજણભાઈ કટાણીયાએ બાંટવા પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

**માંગરોળ : અપમૃત્યું**

માંગરોળ તાલુકાનાં સુલતાનપુર ગામે રહેતા દિનેશભાઈ માધાભાઈ ચાવડા (ઉ.વ. ૪૮) ઘણા સમયથી એકલા હોવાના કારણે અસ્થિર જેવા થઈ ગયેલ હોય તે કારણસર મૃત્યું પામ્યાની નાથાભાઈ ચાવડાએ માંગરોળ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

# બલીયાવાડમાંથી ૬ જુગારી ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૨


જૂનાગઢ તાલુકાનાં બલીયાવડ ગામે જાહેરમાં જુગાર રમતા રમેશભાઈ પટેલ, નિર્મલભાઈ ડાંગર, વનરાજભાઈ વાળા, ઓસમાણભાઈ કોરેજા, પ્રતાપભાઈ વાંક અને દીલીપભાઈ વાંકને જૂનાગઢ તાલુકા પોલીસે રોકડ રૂા. ૭૧ હજાર, મોબાઈલ-૫ રૂા. ૨૦,૫૦૦ મળી કુલ રૂા. ૯૧,૫૦૦નાં મુદામાલ સાથે તાલુકા પોલીસે ઝડપી લીધેલ છે.

# ભેંસાણનાં ગળથ ગામે રૂા. ૭૬ હજારની મતાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૧૨

ભેંસાણ તાલુકાનાં ગળથ ગામે રહેતા વિનુભાઈ રવજીભાઈ સખરેલીયાનાં મકાનનું તાળુ કોડી રોકડ રૂા. ૬૦ હજાર, ધાતુનો ખોટો પહેરવાનો હાર રૂા. એક હજાર અને ડબરામાં રાખેલ સોનાની બુટી જોડી એક રૂા. ૧૫ હજાર મળી કુલ રૂા. ૭૬ હજારથી ચોરી થયાની ભેંસાણ પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શિવરાત્રી મેળામાં સ્થાનિક સંતો બગીમાં બેસી રવેડીમાં નહીં જોડાઈ






જૂનાગઢ તા.૧૨

જૂનાગઢમાં યોજાતા મહાશિવરાત્રીન મેળા પૂર્વે ભવનથમાં સ્થાનિક સાધુ સંતો અને આગેવાનોની બેઠક યોજાઈ હતી. જેમાં શિવરાત્રી મેળાના મુદે અનેક મહત્વના નિર્ણયો કરવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે શિવરાત્રીની રાત્ર સાધુ સંતો બગીમાં બેસી રવેડીમાં નહી જોડાય અને દરેક સંતો ચાલીને જ રવેડીમાં જોડાશે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત અગાઉ મેળાનું આયોજન વહીવટી તંત્ર કરતું હતું અને હજુ સંતો કહે તે મુજબ જ મેળો યોજવાનું નકકી કરવામાં આવ્યું છે.

સમગ્ર દેશમાં એક માત્ર જૂનાગઢમાં જ મહાશિવરાત્રીના દિવસે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢનો મેળો એ ખુબ જ પ્રખ્યાત મેળો છે. પરંતુ મેળામાં અનેક મુશ્કેલીઓ ઉભી થાય છે કેમ કે જગ્યા ખુબ જ ટુંકી હોવાથી વ્યવસ્થા કરવામાં મુશ્કેલીઓ ભોગવવી પડે છે. જેથી આ વખતે સંતો આગેવાનોએ મેળાની બેઠક પૂર્વે ભવનાથમાં મહેશગીરીના અધ્યક્ષ સ્થાને સાધુ સંતો ઉતારા મંડળ, સ્થાનિક આગેવાનોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શિવરાત્રીના મેળાને લઈને અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં શિવરાત્રીમાં અનાજ, દુધ ગેસની બોટલ સહીતની વ્યવસ્થા માટે ભવનાથમાં જ ખાસ ગોડાઉન ઉભુ કરવામાં આવે અને તેના ઉપર સરકારી તંત્ર નિયંત્રણ રાખે ઉપરાંત ચકડોળને મંજુરી આપવામાં ન આવે તેવી પણ માંગ ઉઠી છે.

સ્થાનિક સંતો અને આગેવાનોની યોજાયેલી બેઠકમાં મેળાને લઈને સૌથી મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. શિવરાત્રીની રાત્રે જ રવેડી નીકળે છે તેમાં કોઈ જ બગી રાખવામાં આવશે નહી. દર વખતે સંતો બગીમાં બેસીને રવેડીમાં જોડાતા હોય છે. આ અંગે કમંડળ કુંડના મહંત મહેશગીરીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે એક પણ સંત બગીમાં નહી બેસે અને બગીનો જ બહિષ્કાર કરવામાં આવશે. દરેક સંતો ચાલીને રવેડીમાં જોડાશે. કોઈ સંત નાનો કે મોટો હોતો જ નથી. દરેક સંત સમાન હોય છે. તેના ભાગરૂપે અને વિધર્મીઓની બગી હોવાથી બગીનો જ આ વખતે બહિષ્કાર કરવામાં આવ્યો છે. મેળાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે છતા હજુ કલેકટર દ્વારા મેળા અંગેની કોઈ બેઠક યોજવામાં આવી નથી. સાધુ સંતો અને આગેવાનોની બેઠક યોજવામાં આવી નથી. સાધુ સંતો અને આગેવાનોની બેઠક યોજાઈ હતી. જેમાં ૩૮ જેટલા મુદાઓ તૈયાર કરી તેનું લિસ્ટ કરવામાં આવ્યું છે. આ લિસ્ટ મેળા અંગેની આગામી સમયમાં મળનાર બેઠકમાં સાધુ સંતો દ્વારા રજુ કરવામાં આવશે અને તે મુજબ જ મેળાનું આયોજન થાય તેવી સાધુ સંતો અને સ્થાનિક આગેવાનોની માંગણી છે. આ બેઠકમાં જૂનાગઢ મહાનાગરપાલિકાના પદાધિકારીઓ ધારાસભ્ય સહિતના અનેક આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સંતોમાં ખાસ સ્થાનિક સંતો વિશે વધુ ભાર આપવામાં આવતો હતો.

## ઉનાનાં વેપારીએ જૂનાગઢ સાયબર પોલીસમાં રૂા. ૪૭ હજારની છેતરપિંડીની ફરીયાદ નોંધાવી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૧૨

આર્મીમેનની ઓળખ આપી એક શખ્સે ઊનાના વેપારીના બેંક ખાતામાંથી રૂા. ૪૭૦૦૦ ટ્રાન્સફર કરાવી ઓનલાઈન ઠગાઈ કરી છેતરપિંડી આચરી હોવાની રાવ જુનાગઢ સાયબર પોલીસમાં થઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ ગીર સોમનાથ જિલ્લાના ઊનામાં ખોજાખાના પાસે ખોજા ફળિયામાં રહેતા વેપારી યાસીનભાઈ જહાંગીરભાઈ ખોજજાદા (ઉ. વ. ૪૪)ને પોતે દુકાને હતા ત્યારે ૨૦ ઓક્ટોબરના રોજ સાંજે એક અજાણ્યા શખ્સે મોબાઈલ ફોન કરીને હિન્દી ભાષામાં હું આર્મી કેમ્પમાંથી આર્મીમેન બોલું છું, મારે એક વ્યક્તિ પાસેથી પૈસા લેવાના છે, જેથી હું તમારા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી દઉં બાદ વેપારીને આ ઈસમે વધુ ઓળખ આપતા તેના અવાજ પરથી વેપારીને એવું લાગ્યું કે દીવ ખાતે આર્મી કેમ્પનો ગ્રાહક બોલે છે આમ છતાં વેપારીએ તમે મારા ખાતામાં કોઈના રૂપિયા ટ્રાન્સફર કરાવતા નહીં તેમ કહેતા આ ઈસમે હું અહીં તમારા સિવાય કોઈને ઓળખતો નથી અને મારે પૈસાની જરૂર છે તેમ કહેતા યાસીનભાઈએ વિશ્વાસમાં આવી જઈને આ અજાણ્યા શખ્સને ફોન-પેમાં રૂપિયા જમા કરાવવાનું કહેતા જેથી તેમના ફોન-પે પર રૂા. ૨૫,૦૦૦ની રિક્વેસ્ટ ફેડરલ બેંક ખાતામાં આવેલ. જેમાં ચાલુ ફોને રૂા. ૨૫૦૦૦ જમા કરેલ અને આ પછી તબક્કા વાર અજાણ્યા ઈસમે બેંક ખાતામાંથી રૂા. ૨૫,૦૦૦ અને રૂા. ૨૨૦૦૦ ભારત-પે ખાતામાંથી મળી કુલ રૂા. ૪૭૦૦૦ આ શખ્સે ટ્રાન્સફર કરાવી લઈ ઓનલાઈન નાણાકીય ઠગાઈ કરી હોવાની વેપારીની અરજીના આધારે જૂનાગઢ સાયબર પોલીસે રવિવારે ફરિયાદ લઈ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં લઘુતમ તાપમાનમાં ૫.૩ ડિગ્રીનો વધારો, મિશ્રઋતુનો અનુભવ

જૂનાગઢ તા. ૧૨

ચાલુ વર્ષે શિયાળાની ઋતુની સાથે ઉનાળો પણ રહેતા લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. આ સ્થિતિ વચ્ચે રવિવારે લઘુતમ તાપમાનમાં ૫.૩ ડિગ્રીનો વધારો થયો હતો છતાં પણ સવારે ઠંડી અને બપોરે ગરમી અનુભવાઈ હતી. શનિવારે જૂનાગઢનું લઘુતમ તાપમાન ૧૧.૭ ડિગ્રી નોંધાયું હતું અને બીજા દિવસે એટલે કે રવિવારે સવારે લઘુત્તમ તાપમાનનો પારો ૫.૩ ડિગ્રી ઉપર ચડીને ૧૭ ડીગ્રીએ સ્થિર થયો હતો જેના પરિણામે ઠંડી ઘટી હતી. જોકે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૭ ટકા રહેતા ધુમ્મર છવાઈ ગયું હતું અને ટાઢોડું થઈ ગયું હતું. બીજી તરફ મહત્તમ તાપમાનનો પારો પણ ઉપર ચડીને ૩૦.૫ ડીગ્રીએ એ સ્થિર થયો હતો. અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ માત્ર ૨૦ ટકા થઈ ગયું હતું. દિવસ દરમિયાન ૭.૭ કિલોમીટરની ઝડપે ઠંડો પવન ફુકાતા દિવસભર વાતાવરણ ઠંડુગાર રહ્યું હતું.

## જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં ૫૦ હજાર મણ તુવેરની આવક

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં તુવેરની આવકમાં વધારો થઈ રહયો છે. ગઈકાલે રવિવારે પણ તુવેરની આવક ચાલુ રખાતા તુવેરની ૫૦ હજાર મણ જેવી રેકોર્ડ બ્રેક આવક નોંધાઈ હતી. સૌરાષ્ટ્રના અન્ય યાર્ડ કરતા જૂનાગઢ યાર્ડમાં સૌથી વધુ ભાવ મળતો હોવાથી માર્કેટીંગ યાર્ડમાં વિવિધ જીલ્લાઓના તુવેર ભરેલા વાહનોની કતાર લાગી હતી.

## માંગરોળનાં આરેણામાં અપહરણની નોંધાતી ફરીયાદ

જૂનાગઢ તા. ૧૨

માંગરોળ તાલુકાનાં આરેણા ગામની સગીર વયની યુવતીનું કોઈ અજાણ્યો શખ્સ અપહરણ કરી ગયાની ફરીયાદ માંગરોળ મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


ॐ નેચર ક્યોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨





